**VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY**
University Campus, Udhna-Magdalla Road, SURAT – 395 007
**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી**
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના–મગદલ્લા રોડ, સુરત – ૩૯૫ ૦૦૭
**(Accredited B++ equivalent to Five Star status by NAAC)**
✆ : 2227141 to 2227146 — ✆ : ૨૨૨૭૧૪૧ થી ૨૨૨૭૧૪૬
**Fax** : (0261) 2227312 — **ફેક્સ** : (૦૨૬૧) ૨૨૨૭૩૧૨
**Gram** : VNSGU — **તાર** : વીએનએસજીયુ
**E-mail :** sgu@sguernet.in

**ખાનગી** — **સિન્ડિકેટની સામાન્ય સભા**

**ફકત સભ્યોની જાણ માટે** — **તા. ૮ – ૪ – ૨૦૧૦**

સિન્ડિકેટની સામાન્ય સભા ગુરૂવાર, તા. ૮ – ૪ – ૨૦૧૦ ના રોજ બપોરે ૨ : ૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિખંડમાં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

**: કાર્યવાહી :**

| **ક્રમ** | **સભ્યોના નામ** | **તા. ૮ – ૪ – ૨૦૧૦** |
|---|---|---|
| ૧. | ડૉ. બી. એ. પ્રજાપતિ (માનનીય કુલપતિશ્રી) | હાજર |
| ૨. | ––– | –– |
| ૩. | ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૫. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૬. | આ.ડૉ. ઉપેન્દ્રભાઈ ઠાકોરભાઈ દેસાઈ | હાજર |
| ૭. | આ. ડૉ. કિશોરકુમાર નટવરસિંહ ચાવડા | હાજર |
| ૮. | શ્રી વાસદિયા કિરિટસિંહ જશવંતસિંહ | હાજર |
| ૯. | ડૉ. સગુણા પાથી | હાજર |
| ૧૦. | શ્રી હોશંગ જહાંગીરજી મીરઝા | હાજર |
| ૧૧. | શ્રી સંજયકુમાર ઈશ્વરલાલ દેસાઈ | હાજર |
| ૧૨. | શ્રી કિશોરભાઈ રામજીભાઈ વાઘેલા | હાજર |
| ૧૩. | શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલા | હાજર |
| ૧૪. | શ્રી દિપક ઈશ્વરલાલ આફ્રિકાવાલા | હાજર |
| ૧૫. | ડૉ. મહેન્દ્રસિંહ દોલતસિંહ ચૌહાણ | હાજર |
| ૧૬. | આ. ડૉ. વિપીનકુમાર દયાળજી નાયક | હાજર |
| ૧૭. | શ્રી દિનેશભાઈ દેવશીભાઈ દાસા | હાજર |
| ૧૮. | ડૉ. ઘનશ્યામભાઈ દિનેશચંદ્ર રાવલ | હાજર |
| ૧૯. | ડૉ. વિક્રમભાઈ બળવંતરાય દેસાઈ | હાજર |
| ૨૦. | ડૉ. મોહિનીબેન ગઢિયા | હાજર |

## શોક દર્શક ઠરાવ

**(૧) સ્વ. ડૉ. સી. એમ. દેસાઈ :**

ડૉ. સી.એમ. દેસાઈ સાહેબ કે જેઓ પી.ટી. સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સ, સુરત ખાતે આચાર્ય તરીકે, સાર્વજનિક એજયુકેશન સોસાયટીના સભ્ય તરીકે, ઘણી બધી સંસ્થાઓમાં તેમજ યુનિવર્સિટીમાં સેનેટ તથા સિન્ડિકેટ સભ્ય તરીકે અનેક પ્રકારની સેવાઓ નિષ્ઠાપૂર્વક બજાવી હતી. તેઓ સાયન્સ ફેકલ્ટીના પ્રણેતા હતા. તેમની વિજ્ઞાન વિદ્યાશાખામાં વિશિષ્ટ શૈક્ષણિક ઉપલબ્ધિઓને ધ્યાને લઈ યુનિવર્સિટીના ૪૧મા પદવીદાન સમારંભમાં માનદ્ ડીલીટની પદવી એનાયત કરવામાં આવી હતી. તેઓનું શુક્રવાર તા.૦૨ /૦૪/ ૨૦૧૦ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સાયન્સ ફેકલ્ટીના પ્રણેતાના દુઃખદ અવસાન બદલ સિન્ડિકેટની આજની સભા શોક વ્યકત કરે છે. તથા સદ્ગતના આત્માને ચિરશાન્તિ અર્પવા અને એમના પરિવારને આઘાત સહન કરવાની પરમ કૃપાળુ પરમાત્મા શકિત અર્પે તેવી પ્રાર્થના કરે છે.

**(૨)** તા. ૭ – ૪ – ૨૦૧૦ના બુધવારના રોજ નકસલવાદીઓએ ૭૬ પોલીસ કર્મચારીઓને મારી નાંખ્યા તે બદલ સિન્ડિકેટની આજની સભા શોક વ્યકત કરે છે. તથા સદ્ગતના આત્માને ચિરશાન્તિ અર્પવા અને એમના પરિવારને આઘાત સહન કરવાની પરમ કૃપાળુ પરમાત્મા શકિત અર્પે તેવી પ્રાર્થના કરે છે.

૧. સિન્ડિકેટની તા. ૨૨ – ૨ – ૨૦૧૦ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધ ને બહાલી આપવા બાબત...

**:: આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા. ૨૨ – ૨ – ૨૦૧૦ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપી ત્યાર બાદ અધ્યક્ષશ્રીએ તેના પર સહી કરી હતી.**

૨. **માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવા બાબત.**

**૨.૧.** યુનિવર્સિટીના પરીક્ષા વિભાગના સિસ્ટમ એનાલીસ્ટ શ્રી ભરતભાઈ ઈશ્વરલાલ પટેલને ગુજરાત રાજય સરકારશ્રીના છઠ્ઠા પગારપંચના અમલનો લાભ આપવાનું કુલપતિશ્રીનું કાર્ય જાણ સારુ.

(વહીવટી)

**:: સદર બાબતની નોંધ લીધી.**

**૨.૨.** સુરત મ્યુ. ઈન્સ્ટિ. ઓફ મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ ધ્વારા આગામી શૈક્ષણિક વર્ષ : ૨૦૧૦ – ૧૧થી <u>પીજી ડીએમએલટી</u> અને એમ. <u>એસસી. (એમ. એલ. ટી.)</u> અભ્યાસક્રમ શરૂ કરવાની અરજી આપવાની વિનંતી અવલોકનમાં લેતા સદર સંસ્થા મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત કોલેજ હોય ખાસ કિસ્સામાં ઓ. ૬૬માં દર્શાવેલ નિયત સમય ૧૫ નવેમ્બર, બાદ નવા એફિલીએશન ફોર્મ આપવા મા. કુલપતિશ્રી ધ્વારા સિન્ડિકેટવતી પરવાનગી આપેલ છે, જેની જાણ કરવા અંગે.

(અનુસ્નાતક)

**:: સદર બાબતની નોંધ લીધી.**

૩. માર્ચ / એપ્રિલ – ૨૦૦૯માં મોટાપોંઢા કેન્દ્રમાં લેવાયેલ એસ. વાય. બી. એ./ એસ. વાય. બી. કોમ.ની પરીક્ષામાં તા. ૧૭ / ૦૪/ ૨૦૦૯ના રોજ પરીક્ષા દરમ્યાન મોટાપોંઢા કેન્દ્રની મુલાકાત દરમ્યાન વિભાગીય સ્કર્વોડના સભ્યોએ કરેલ ફરિયાદ અંગે કાર્યાલય આદેશાનુસાર તપાસ સમિતિના સભ્ય તરીકે ડૉ. પી. એચ. ભાઠાવાલા તેમજ ડૉ. એ. વેંકટરામનની નિમણૂંક કરવામાં આવી હતી. જે તપાસ સમિતિએ તપાસ કરી રિપોર્ટ આપેલ હોય, જે અંગે વિચારણા કરવા બાબત.....

(પરીક્ષા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત અંગે તપાસ સમિતિનો રીપોર્ટ સ્વીકારવો અને આર્ટ્સ અને કોમર્સ કોલેજ, મોટાપોંઢાના આચાર્યશ્રી બી. એન. જોષીનો લેખિત ખુલાસો માંગવો.**

૪. બોર્ડ ઓફ ફિઝીકલ એજયુકેશન અને રિક્રિએશનની તા. ૧૦ / ૦૯ / ૨૦૦૯ના રોજ મળેલી સભાની કાર્યવાહીની ભલામણ ક્રમાંક : ૩, ૭ , ૧૨, ૧૩, ૧૭, ૧૮ અને ૧૯ પર વિચારણા કરવા બાબત.

(યુવક કલ્યાણ અને શા. શિ.)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પરિશિષ્ટ :" ક "માં દર્શાવ્યા મુજબ બોર્ડ ઓફ ફિઝીકલ એજયુકેશન અને રિક્રિએશનની તા. ૧૦ / ૦૯ / ૨૦૦૯ના રોજ મળેલી સભાની કાર્યવાહીની ભલામણ ક્રમાંક : ૩, ૭ , ૧૨,૧૭, અને૧૮નો સૈધ્ધાંતિક સ્વીકાર કરવો અને ભલામણ ક્રમાંક : ૧૩ અને ૧૯ને નીચે મુજબના સુધારા વધારા સાથે મંજૂર કરવી.**

**<u>ભલામણ ક્રમાંક : ૧૩</u> – પ્રસ્તુત બાબત રીવ્યુ કરવી અને તે માટે નીચેના સભ્યોની એક સમિતિની રચના કરવી અને સમિતિનો અહેવાલ સિન્ડિકેટની વિચારણા માટે મૂકવો.**

**(૧) ડૉ. ઘનશ્યામભાઈ રાવલ (૨) આ. ડૉ. યુ. ટી. દેસાઈ (૩) ડૉ. મહેન્દ્રભાઈ ચૌહાણ (૪) આ. ડૉ. વી. ડી. નાયક અને (૫) શ્રી વાસદિયા કિરિટસિંહ જશવંતસિંહ.**

**<u>ભલામણ ક્રમાંક : ૧૯ –</u> પ્રસ્તુત બાબત અંગે નીચેના સભ્યોની એક સમિતિની રચના કરવી અને સમિતિનો અહેવાલ સિન્ડિકેટની વિચારણા માટે મૂકવો.**

**(૧)શ્રી વાસદિયા કિરિટસિંહ જશવંતસિંહ અને (૨) આ.ડૉ. કે. એન. ચાવડાની સમિતિ બનાવવી અને તે સમિતિનો રીપોર્ટ સિન્ડિકેટની વિચારણા માટે મૂકવો.**

**(પરિશિષ્ટ : " ક ")**

૫. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયના હિસાબી વિભાગમાં સિનિયર કલાર્ક તરીકે ફરજ બજાવતા શ્રી નવિનચંદ્ર એલ. વાઘેલા સામે ઉમરા પોલીસ સ્ટેશનમાં ગું. ર. નં ૧૭૯/ ૦૯ ઈ. પી. કો. કલમ ૪૦૬, ૪૨૦, ૫૦૬, (૨), ૧૧૪ મુજબ કેસ દાખલ થયેલ હતો જે સબબ નામદાર કોર્ટમાં કેસ અંતર્ગત નામદાર હાઈકોર્ટ તેમને સ્ટે. ઓર્ડર આપેલ છે.

શ્રી વાઘેલા તા. ૧ – ૪ – ૨૦૦૮થી તેમની ફરજ ઉપર ગેરહાજર છે. અને તેઓએ તા. ૨૫ – ૧ – ૨૦૧૦ની અરજી થી કાર્યાલયમાં હાજર થવા વિનંતી કરી છે.

શ્રી વાઘેલાના કેસ અંતર્ગત ઉમરા પોલીસ સ્ટેશનની FIRની નકલ, નામદાર હાઈકોર્ટના સ્ટેના ઓર્ડરની નકલ તથા યુનિવર્સિટીના વકીલ શ્રી ધવલભાઈ દવેનો અભિપ્રાય આ સાથે સામેલ છે. જે ધ્યાને લઈ શ્રી વાઘેલાની ફરજ ઉપર હાજર થવાની વિનંતી સંદર્ભે વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયના હિસાબી વિભાગમાં સિનિયર કલાર્ક તરીકે ફરજ બજાવતા શ્રી નવિનચંદ્ર એલ. વાઘેલાને તેમની નોકરીમાં સતત ગેરહાજરી અનિયમિતતા અને તેમની સામે થયેલી ફોજદારી ફરીયાદમાંના ગંભીર આક્ષેપના સંદર્ભમાં તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવા અને તેની સામે ખાતાકીય તપાસ કરવી અને તેનો રીપોર્ટ સિન્ડિકેટમાં મૂકવો.**

૬. પરીક્ષા આચાર સમિતિની તા. ૦૪ – ૧૨ – ૦૯ની સભાની કાર્યવાહી નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત....

(પરીક્ષા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા આચાર સમિતિની તા. ૦૪ / ૧૨ / ૦૯ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પરિશિષ્ટ : " ખ " માં આપ્યા મુજબ યથાવત મંજૂર કરવી.**

**(પરિશિષ્ટ: " ખ ")**

૭. પરીક્ષા આચાર સમિતિની તા. ૧૯ – ૧ – ૨૦૧૦ની સભાની કાર્યવાહી નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત....

(પરીક્ષા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા આચાર સમિતિની તા. ૧૯ / ૧ / ૨૦૧૦ની સભાની કાર્યવાહીની નોંધ તથા બાબત ક્રમાક : ૨, ૩, ૪, ૫ અને ૬ને પરિશિષ્ટ : " ગ " માં આપ્યા મુજબ યથાવત મંજૂર કરવી. અને બાબત ક્રમાંક : ૧ને નીચે મુજબના સુધારા વધારા સાથે મંજૂર કરવી.**

**બાબત ક્રમાંક – ૧ : વિદ્યાર્થીઓએ આપેલ સ્ટેટમેન્ટ ધ્યાને લેતાં સ્વાતીમેડમે માસકોપી કરાવ્યાની ગંભીર બાબત હોઈ તપાસસમિતિ નિમી કોલેજનું પરીક્ષા કેન્દ્ર રદ કેમ ન કરવું તથા જવાબદાર વ્યકિતિઓ સામે પગલા કેમ ન ભરવા તે સબબ કારણદર્શક નોટીસ આપી જરૂરી કાર્યવાહી કરવાની આચાર સમિતિની ભલામણ ગ્રાહ્ય રાખવામાં આવે છે તે મુજબ ઘટતી કાર્યવાહી કરવી.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, નાલંદા કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, વડોદરાની જોડાણ અંગેની સિન્ડિકેટની બાબત મૂકાય ત્યારે સદર ગેરરીતિને પણ ધ્યાને લઈ વિચારણા કરવી.**

**(પરિશિષ્ટ: " ગ ")**

૮. પરીક્ષા આચાર સમિતિની તા. ૧૯ – ૨ – ૨૦૧૦ની સભાની કાર્યવાહી નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત....

(પરીક્ષા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા આચાર સમિતિની તા. ૧૯ / ૨ / ૨૦૧૦ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પરિશિષ્ટ : " ઘ " માં આપ્યા મુજબ યથાવત મંજૂર કરવી.**

**(પરિશિષ્ટ: " ઘ ")**

૯. સને – ૨૦૧૦માં માર્ચ/ એપ્રિલ / મે/ ઓકટો./ નવે./ ડિસે. માસ માં લેવાનારી યુનિવર્સિટીની પરિક્ષાઓમાં ગેરરિતી આચરતાં પકડાયેલા વિદ્યાર્થીઓના કિસ્સા તપાસી યોગ્ય પગલાં લેવાની સિન્ડિકેટને ભલામણ કરવા માટે પરીક્ષા આચાર સમિતિના સભ્યોની નિમણૂંક કરવા અંગે વિચારણા કરવા બાબત.....

(સને – ૨૦૦૯ની પરીક્ષાઓ માટે નીચે જણાવેલ સભ્યોની પરીક્ષા આચાર સમિતિમાં નિમણુંક કરી હતી.)

૧. પ્રિ. જે. એમ નાયક (કન્વીનરશ્રી) (સુરત)
૨. શ્રી. સંજયભાઈ દેસાઈ
૩. પ્રિ. ડૉ. વિક્રમભાઈ દેસાઈ
૪. પ્રિ. ડૉ. યુ. ટી. દેસાઈ
૫. ડૉ. મોહીનીબેન ગઢીયા
૬. ડૉ. અપુર્વ દેસાઈ
૭. પ્રિ. ડૉ. વિનોદભાઈ એન. પટેલ
૮. ડૉ. કે. સી. પટેલ
૯. પ્રિ. ડૉ. જે. એમ. નાયક (વલસાડ)
૧૦. પ્રા. શ્રી જયકર પંડયા
૧૧. પ્રિ. ડૉ. જે. પી. ગોહીલ

(પરીક્ષા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સને – ૨૦૧૦માં માર્ચ/ એપ્રિલ / મે/ ઓકટો./ નવે./ ડિસે. માસ માં લેવાનારી યુનિવર્સિટીની પરિક્ષાઓમાં ગેરરિતી આચરતાં પકડાયેલા વિદ્યાર્થીઓના કિસ્સા તપાસી યોગ્ય પગલાં લેવાની સિન્ડિકેટને ભલામણ કરવા માટે પરીક્ષા આચાર સમિતિના સભ્યોની નીચે મુજબ નિમણૂંક કરવી.**

૧. પ્રિ. જે. એમ નાયક (કન્વીનરશ્રી) (સુરત)
૨. પ્રિ. ડૉ. વિક્રમભાઈ દેસાઈ
૩. પ્રિ. ડૉ. યુ. ટી. દેસાઈ
૪. ડૉ. મોહીનીબેન ગઢીયા
૫. **આ. ડૉ. વિપીનકુમાર ડી. નાયક**
૬. **શ્રી વાસદિયા કિરિટસિંહ જશવંતસિંહ**
૭. ડૉ. અપુર્વ દેસાઈ
૮. પ્રિ. ડૉ. વિનોદભાઈ એન. પટેલ
૯. ડૉ. કે. સી. પટેલ
૧૦. પ્રિ. ડૉ. જે. એમ. નાયક (વલસાડ)
૧૧. પ્રા. શ્રી જયકર પંડયા
૧૨. પ્રિ. ડૉ. જે. પી. ગોહીલ

૧૦. બાયોસાયન્સીઝ વિભાગના વડા ડૉ. મીનુ પરબીઆના પત્રમાં જણાવ્યા મુજબ " પોસ્ટ ગ્રેજયુએટ ડીપ્લોમાં ઈન ટૂલ્સ એન્ડ ટેકનીકસ ઈન જીનેટીક એન્જીનીયરીંગ" નો અભ્યાસક્રમ શરૂ કરવા ગુજરાત સરકારશ્રી તરફથી સીડ મની રૂા.૩૨ લાખનું અનુદાન મળ્યું છે. આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૦ – ૨૦૧૧થી પ્રવેશો આપી અભ્યાસક્રમ શરૂ કરવા મંજૂરી માંગી છે તે દરખાસ્ત પર વિચારણા કરવા બાબત.

(બાયોસાયન્સ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, "પોસ્ટ ગ્રેજયુએટ ડીપ્લોમાં ઈન ટૂલ્સ એન્ડ ટેકનીકસ ઈન જીનેટીક એન્જીનીયરીંગ" નો અભ્યાસક્રમ શૈક્ષણિક વર્ષ : ૨૦૧૦ – ૧૧થી વિધિવત શરૂ કરવો.**

૧૧. યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતાં M.Sc.(I.T.) Self Finance Programme માં સ્વનિર્ભર ધોરણે વ્યાખ્યાતા તરીકે ફરજ બજાવતા Shri Tejas R. Shah પાંચ વર્ષિય કરાર આધારીત નિમણૂંક પામી પાંચ વર્ષમાં NET/SLET/PhD પસાર કરવાની શરતે સ્વનિર્ભર ધોરણે જોડાયેલ, નીચે દર્શાવ્યા મુજબ તેમના નામ સામે જણાવેલ તારીખથી તેઓએ UGC NET પસાર કરી પ્રમાણપત્ર મેળવેલ છે, તેઓએ નિમણૂંકની શરત પૂર્ણ કરી હોય જે ઘ્યાને લઈ તેઓને કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

| **ક્રમ.** | **શિક્ષકનું નામ** | **હોદ્દો** | **સ્વનિર્ભર પ્રોગ્રામ** | **જોડાયા તારીખ** | **UGC NET** |
|---|---|---|---|---|---|
| ૧. | શ્રી તેજસ આર. શાહ | લેકચરર | એમ.એસસી.(આઈ.ટી.) | ૨૮–૦૯–૦૬ | ૧૫–૦૧–૨૦૧૦ |

(વહીવટી )

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતાં** ોઈક'ઈટચઈતઈલ કભ્) ાચ્ચ્ઞ્ચ'ભ .ચ઼ન્ચ્ઞ્??ભ**માં સ્વનિર્ભર ધોરણે વ્યાખ્યાતા તરીકે ફરજ બજાવતા** કઝચ્ચ તભ્ચ્બ( ચઈ કઝબ્ઝ **પાંચ વર્ષિય કરાર આધારીત નિમણૂંક પામી પાંચ વર્ષમાં** દભતળકીભતળ.ઝમ **પસાર કરવાની શરતે સ્વનિર્ભર ધોરણે જોડાયેલ, ઉપરોકત દર્શાવ્યા મુજબ તેમના નામ સામે જણાવેલ તારીખથી તેઓએ** ગનહ દભત **પસાર કરી પ્રમાણપત્ર મેળવેલ છે, તેઓએ નિમણૂંકની શરત પૂર્ણ કરી હોય જે ધ્યાને લઈ તેઓને કાયમી (કન્ફર્મ ) કરવા.**

૧૨. કાઉન્સિલ ઓફ આર્કીટેકચર ધ્વારા તેના ૧૦ ફેબ્રુઆરી ૨૦૧૦ ના પત્ર ક્રમાંક **CA/5/Academic** થી નીચેના અભ્યાસક્રમ શૈક્ષણિક વર્ષ ૨૦૧૦ – ૧૧ થી શરૂ કરવાની પ્રપોઝલ સંદર્ભમાં બે સભ્યોની એક્ષપર્ટ સમિતિ તપાસ માટે આવનાર હોય જે બાબતે પત્રમાં જણાવ્યા મુજબના ફોર્મ **A - B -C** માં માંગેલ વિગત જેવીકે શૈક્ષણિક, નાણાકીય તેમજ અભ્યાસક્રમ આનુસંગીક માહિતી તૈયાર કરવાની હોય જે પર વિચારણા કરવા બાબત.

(1) Bachelor of Architecture Course ( Interior Design)
(2) Bachelor of Architecture Course (Building and Construction Technology) and
(3) Bachelor of Architecture

(અનુસ્નાતક )

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત અંગે શૈક્ષણિક, નાણાંકીય તેમજ અભ્યાસક્રમ આનુંસંગીક માહિતી તૈયાર કરવા નીચે મુજબની સમિતિ બનાવવી અને તેનો રીપોર્ટ સિન્ડિકેટની વિચારણા માટે મૂકવો.**

**(૧) શ્રી આર. ડી. દેસાઈ ( માજી સુરત ટાઉન પ્લાનર)(મો. ૯૮૨૪૧ ૯૨૨૧૧)**
**(૨) શ્રી સંજયભાઈ દેસાઈ (સિન્ડિકેટ સભ્યશ્રી)**
**(૩) ભાવનાબેન વીમાવાલા (૬, જીવન સ્મૃતિ સોસાયટી, ઘોડદોડ રોડ, સુરત.) (મો. ૯૮૨૫૧ ૨૪૧૮૮)**
**(૪) શ્રી જીતેન મેઘાણી (૨/ ૮૦૧, સન રેસિડન્સી, વી. એમ. વેજીટેબલ માર્કેટ, ભુલકા ભવન પાછળ, આનંદ મહલ રોડ, અડાજણ, સુરત. (મો. ૯૮૨૫૭ ૮૦૨૨૭)**
**(૫) પરીક્ષિત તલાટી (૬, સંત તુકારામ સોસાયટી, ડિવિઝન – ૨, આશીર્વાદ કોમ્પલેક્ષની સામે, રામચોક, ઘોડદોડ રોડ, સુરત. (મો. ૯૮૨૪૧ ૨૮૮૬૦)**

૧૩. યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ ફીઝીક્સના વડાશ્રીના તા.૦૪–૦૨–૨૦૧૦ ના પત્રાંક : ભૌતિક/૯૮/૨૦૧૦ અન્વયે એમ.એસસી. ભાગ–૧ ઈલેક્ટ્રોનીકસ અભ્યાસક્રમના પ્રથમ સેમેસ્ટરના નીચે જણાવેલ વિદ્યાર્થીઓની ખૂટતી હાજરી પર વિચારણા કરવા બાબત.

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | કુલ લેકચરરના ટકા | મીનીમમ લેકચર એટેન્ડેડની ટકાવારી | વિદ્યાર્થીની હાજરીના ટકા | ૭૫ % માં ખૂટતી હાજરીના ટકા |
|---|---|---|---|---|---|
| Part – 1 | | | | | |
| ૧. | Diwala Hiral B. | ૧00 % | ૭૫ % | ૩૭.૬૫% | ૩૭.૩૪% |
| ૨. | Patel Kundan H. | ૧00 % | ૭૫ % | ૩૮.૨૭% | ૩૬.૭૨% |
| ૩. | Rana Mihir C. | ૧00 % | ૭૫ % | ૫૭.૪૦% | ૧૭.૫૯% |

હાજરી કોન્ડોન કરવા અંગેના Ordinance 61 નીચે મુજબ છે.

**0. 61 :**

(1) When the total attendance of a student in a term falls short of requirement under Ordinance - 60 either on account of bonafide illness or for any other extra-ordinary reasons deemed sufficient by the respective authorities said deficiencies may be condoned as follows :

(a) Deficiencies up to 15% (i. e. Where attendance is 60% or above ) by the principal of a College / Head of the University Department / Head of the approved Institution / Head of the Recognised Institution.

(b) Deficiencies above 15% and upto 25% (i. e. where attendance is between 60% and 50%) by the Vice -Chancellor.

Notwithstanding anything contained in (a) and (b) above the cases which are not condoned by the principal and/or the Vice-Chancellor respectively. These cases may be referred by Vice-Chancellor to the Syndicate.

(c) Deficiencies above 25% but not exceeding 40% (i. e. where attendance is between 50% and 35%) by the Syndicate.

(2) It is further provided that deficiency exceeding 40% shall not be condoned under any circumstances.

<u>નોંધ :</u> ક્રમ નં. (૧) ની વિદ્યાર્થીનીનું મેડીકલ સર્ટીફીકેટ સામેલ છે.

(અનુસ્નાતક )

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એમ.એસસી. ભાગ – ૧ ઈલેકટ્રોનીકસ અભ્યાસક્રમના પ્રથમ સેમેસ્ટરના ઉપરોકત જણાવેલ વિદ્યાર્થીઓની ખૂટતી હાજરી કોન્ડોન કરવી નહીં.**

૧૪. યુનિવર્સિટી સંલગ્ન મેડીકલ કોલેજોમાં ખાલી પડેલ ઓપ્ટોમેટ્રી વિષયના આચાર્ય, પ્રોફેસર, આસી.પ્રોફેસર, વ્યાખ્યાતાઓની પસંદગી માટે લાયકાત ધોરણ નકકી કરવા બેચલર ઓફ ઓપ્ટોમેટ્રી વિષયની એડહોક સમિતિની તા. ૨૫ – ૦૯ – ૦૯ના ઠરાવ ક્રમાંક : ૧થી એક કમીટીની રચના કરવામાં આવી હતી. જે કમીટીએ ફેકલ્ટી ડીનશ્રીને રજૂ કરેલ રિપોર્ટ પર વિચારણા કરવા બાબત....

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન મેડીકલ કોલેજોમાં ખાલી પડેલ ઓપ્ટોમેટ્રી વિષયના આચાર્ય, પ્રોફેસર, આસી.પ્રોફેસર, વ્યાખ્યાતાઓની પસંદગી માટે લાયકાત ધોરણ નકકી કરવા બેચલર ઓફ ઓપ્ટોમેટ્રી વિષયની એડહોક સમિતિએ તા. ૨૫ – ૦૯ – ૦૯ના ઠરાવ ક્રમાંક : ૧થી નિમેલ કમીટીએ ફેકલ્ટી ડીનશ્રીને રજૂ કરેલ રિર્પોટનો સ્વીકાર કરવો અને સદર જગ્યાઓ ભરવા તેનો અમલ કરવો.**

૧૫. શ્રી રાધેકૃષ્ણ એજયુકેશન ટ્રસ્ટ, ધારાગીરી, જિ. નવસારી મુકામે વિનાયકા મિશન યુનિવર્સિટીનું (www. vmrf. edu. in) સ્ટડી સેન્ટર શરૂ કરવા માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતનું N. O. C. આપવા પ્રસ્તુત ટ્રસ્ટના ઉપપ્રમુખશ્રી તથા મંત્રીશ્રીએ સંયુકત સહીથી તેમના તા. ૧૫ – ૨ – ૨૦૧૦ના પત્રથી કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી રાધેકૃષ્ણ એજયુકેશન ટ્રસ્ટ, ધારાગીરી, જિ. નવસારી મુકામે વિનાયકા મિશન યુનિવર્સિટીનું** (www. vmrf. edu. in) **સ્ટડી સેન્ટર શરૂ કરવા માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતનું** N. O. C. **આપવા પ્રસ્તુત ટ્રસ્ટના ઉપપ્રમુખશ્રી તથા મંત્રીશ્રીએ સંયુકત સહીથી તેમના તા. ૧૫ – ૨ – ૨૦૧૦ના પત્રથી કરેલ વિનંતી નામંજૂર કરવી.**

૧૬. યુનિવર્સિટી કાર્યાલયના વહીવટી વિભાગમાં હેડ કલાર્ક તરીકે ફરજ બજાવતા શ્રી ધનસુખભાઈ લક્ષ્મણભાઈ પટેલે પોતાના અંગત કૌટુંબિક કારણોસર તા. ૮/ ૬/ ૨૦૦૯ ની અરજીથી તા. ૭/ ૯/ ૨૦૦૯ ના રોજથી કાર્યાલય સમય બાદ અમલમાં આવે તે રીતે સ્વૈચ્છિક નિવૃત્તિ મૂકી હતી. પરંતુ તા. ૨/ ૩/ ૨૦૧૦ ની અરજીથી તેઓની અંગત સમસ્યા દૂર થઈ હોય સ્વૈચ્છિક નિવૃત્તિ પાછી ખેંચી લેવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

(**નોંધ** :– ઉપરોકત સ્વૈચ્છિક નિવૃત્તિ મા. કુલપતીશ્રી દ્વારા મંજૂર કરતાં સિન્ડિકેટ સમક્ષ રજૂ કરતાં સિન્ડિકેટે તેની તા. ૧૭/૭/૨૦૦૯ની સભાના ઠરાવ ક્રમાંક : ૨.૨ થી માનનીય કુલપતીશ્રીના પગલાની નોંધ લેવામાં આવેલ છે જે વિદિત થાય.)

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કાર્યાલયના વહીવટી વિભાગમાં હેડ કલાર્ક તરીકે ફરજ બજાવતા શ્રી ધનસુખભાઈ લક્ષ્મણભાઈ પટેલે પોતાના અંગત કૌટુંબિક કારણોસર તા. ૮/ ૬/ ૨૦૦૯ ની અરજીથી તા. ૭/ ૯/ ૨૦૦૯ ના રોજથી કાર્યાલય સમય બાદ અમલમાં આવે તે રીતે સ્વૈચ્છિક નિવૃત્તિ મૂકી હતી. પરંતુ તા. ૨૮ – ૮ –૨૦૦૯ અને તા. ૨/ ૩/ ૨૦૧૦ ની અરજીથી તેઓની અંગત સમસ્યા દૂર થઈ હોય સ્વૈચ્છિક નિવૃત્તિ પાછી ખેંચી લેવા કરેલ વિનંતી ગ્રાહ્ય રાખવી.**

૧૭. યુનિવર્સિટીના લોકપ્રશાસન વિભાગના રીડર, ડૉ. એન. બી. જોષીના કિસ્સામાં સિન્ડિકેટની તા. ૨૩/ ૧૨/ ૨૦૦૯ ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૨૦ થી નીચે મુજબ ઠરાવેલ છે.

" ડૉ. એન. બી. જોષીને Ethiopian Civil Service College, Addis Ababa, Ethiopia મુકામે જવા માટે ઈનવીટેશન લેટર / ઓફર લેટર જે તે સંસ્થા તરફથી મળેલ હોય તેની નકલ મંગાવવી અને સિન્ડિકેટ સમક્ષ પુનઃ રજૂ કરવી"

ઉપરોકત ઠરાવ અંતર્ગત ડૉ. એન. બી. જોષીને કાર્યાલયના પત્રાંક : જન/એસ્ટા/ટી/૧૦૮૩/૧૦, તા. ૧/૨/૨૦૧૦ અને પત્રાંક : જન/એસ્ટા/ટી/ ૧૯૮૨/૧૦, તા. ૨૩/૨/૨૦૧૦ થી ઈન્વીટેશન લેટર /ઓફર લેટર મંગાવતા કાર્યાલયને મળેલ છે. જે આ સાથે સામેલ છે. જે અવલોકનમાં લઈ ડૉ. એન. બી. જોષીના તા.૧૫/૧૨/૨૦૦૯ના પત્ર ક્રમાંક : પીએ/એનબીજે/૬૩૨૩/૨૦૦૯થી તેઓએ Ordinance 69(A), Para 24, Sub Clause 8(ii)(d) મુજબ તેમને આપવામાં આવેલ Extraordinary leave ના સમયગાળા દરમ્યાન increment મેળવવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના લોકપ્રશાસન વિભાગના રીડર, ડૉ. એન. બી. જોષીનેઆપવામાં આવેલ Extraordinary leaveના સમયગાળા દરમ્યાન increment મેળવવા કરેલ વિનંતી ગ્રાહ્ય રાખવી નહીં અને તેમની રજા LWP(લીવ વિધાઉટ પે) ગણવી.**

૧૮. યુનિવર્સિટી સેનેટે તેની તા.૨૫ – ૩ – ૨૦૧૦ના રોજ મળેલ વાર્ષિક સભામાં સને ૨૦૦૯ – ૧૦નું સુધારેલ તથા સને ૨૦૧૦ – ૨૦૧૧ના અંદાજપત્રને સર્વાનુમતે મંજુરી આપવામાં આવેલ હોય, યુનિવર્સિટી ધારાની કલમ – ૫૦ (૪) મુજબ અંદાજપત્રને હવે આખરી મંજુરી આપવા વિચારણા કરવા બાબત.

(હિસાબી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સેનેટે તેની તા. ૨૫ – ૩ – ૨૦૧૦ના રોજ મળેલ વાર્ષિક સભામાં સને ૨૦૦૯ – ૧૦નું સુધારેલ તથા સને ૨૦૧૦ – ૨૦૧૧ના અંદાજપત્રને સર્વાનુમતે મંજુરી આપવામાં આવેલ હોય, યુનિવર્સિટી ધારાની કલમ – ૫૦ (૪) મુજબ અંદાજપત્રને આખરી મંજુરી આપવી.**

૧૯. સને ૨૦૦૮–૨૦૦૯ના વર્ષનો યુનિવર્સિટીનો ૪૩મો વાર્ષિક અહેવાલ, સેનેટની તા.૨૫/૦૩/૨૦૧૦ના રોજ મળેલ વાર્ષિક સભામાં ચર્ચા–વિચારણાના અંતે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો હોઈ, યુનિવર્સિટી ધારાની કલમ – ૫૧ અન્વયે પ્રસ્તુત વાર્ષિક અહેવાલને આખરી મંજૂરી આપવા વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સને ૨૦૦૮–૨૦૦૯ના વર્ષનો યુનિવર્સિટીનો ૪૩મો વાર્ષિક અહેવાલ, સેનેટની તા.૨૫/૦૩/૨૦૧૦ના રોજ મળેલ વાર્ષિક સભામાં ચર્ચા–વિચારણાના અંતે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો હોઈ, યુનિવર્સિટી ધારાની કલમ – ૫૧ અન્વયે પ્રસ્તુત વાર્ષિક અહેવાલને આખરી મંજૂરી આપવી.**

૨૦. **તા.૨૩–૦૩–૨૦૧૦ની નાણાસમિતિની નીચેની કાર્યવાહી પર વિચારણા કરવા બાબત.........**

**બાબત નં: (૨)** યુનિવર્સિટીના એમ.એસ.સી.બાયોટેકનોલોજી વિભાગ માટે વૈજ્ઞાનિક સાધનો ખરીદવા વિચારણા કરવા બાબત.

**ઠરાવ નં: (૨)** આથી ઠરાવવામાં આવે છે કે, બાયોટેકોનોલોજી વિભાગ માટેના વૈજ્ઞાનિક સાધનોની ખરીદી માટે (૧)આ.શ્રી યુ.ટી.દેસાઈ (૨)આ.શ્રી કે.એન.ચાવડા અને (૩)વિભાગીય વડાશ્રી મીનુ પરબીયાની કમિટિ બનાવવી તેઓ તા. ૨૬ – ૦૩ – ૧૦ના રોજ પાર્ટીઓ સાથે જરૂરી નેગોશીયેશન કરી મા.કુલપતિશ્રીને તે અંગેની જાણ કરી સદરહું બાબત સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવાની ભલામણ કરેછે.

**બાબત નં: (૪)** યુનિવર્સિટી કેમ્પસ ના વિવિધ વિભાગો માટે યુજીસી અગીયારમી યોજના હેઠળ ફાળવેલ અનુદાનમાંથી યુનિ.કેમ્પસ ખાતે વિવિધ વિભાગોના લોકલ નેટવર્કીંગ માટેના આવેલ ભાવપત્રકો પર વિચારણા કરવા બાબત.

**ઠરાવ નં: (૪)** આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના વિવિધ વિભાગોના નેટવર્કીંગ માટેના આવેલા ભાવપત્રકો માટે મા.કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને (૧)શ્રી ઘનશ્યામભાઈ રાવલ (૨)કોમ્પ્યુટર વિભાગના વડાશ્રી અપૂર્વ દેસાઈ અને (૩)કાર્યાલયના સિસ્ટીમ મેનેજર શ્રી કલ્પેશ ચાંપાનેરીયાની કમિટિ બનાવી સૌથી નીચા ભાવ ભરનાર પાર્ટી સાથે જરૂરી નેગોશીયેશન કરી સદરહું બાબત સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવાની ભલામણ કરે છે.

**બાબત નં: (૭)** યુનિવર્સિટીની વિવિધ પરીક્ષાઓની વપરાયેલી ઉત્તરવહીઓ તથા બિન જરૂરી પડતર પ્રશ્નપત્રો થેલીઓ સહિત નિકાલ માટે આવેલા ભાવપત્રકો પર વિચારણા કરવા બાબત.

**ઠરાવ નં: (૭)** આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીની વિવિધ પરીક્ષાઓની વપરાયેલી ઉત્તરવહીઓ તથા બિન જરૂરી પડતર પ્રશ્નપત્રો થેલીઓ સહિત નિકાલ માટે આવેલ ભાવપત્રકો માટે જુદી જુદી પાર્ટીઓને નેગોશીયેશન માટે બોલવવામાં આવી હતી જેમાં મે.સ્ટાર વેસ્ટેજ સપ્લાયર્સ એ ભરેલા ભાવો વધુ હોય તેમજ તેમણે ઉત્તરવહીઓ માટે રૂા.૧૮/–, છાપેલા પ્રશ્નપત્રો માટે રૂા.૯/– તેમજ વર્તમાનપત્રો માટે રૂા.૧૦/– વધુ આપવાની લેખીત સમંતિ આપતા પ્રસ્તુત ભાવો મંજૂર કરવામાં આવે છે, વધુમાં ઠરાવવામાં આવે છે કે, પરીક્ષાભવનની જગ્યાના અભાવને કારણે નાણા સમિતિના મંજૂર થયેલ ભાવો મુજબ કાર્યવાહી કરી સિન્ડિકેટને જાણ કરવી.

**બાબત નં: (૮)** સને ૨૦૧૦ ના વર્ષ માટે યુનિવર્સિટીની વિવિધ પરીક્ષાઓ તથા તેને લગતી આનુષાંગિક કામગીરી માટે વાહનો ભાડેથી (રેટકોન્ટ્રાકથી) કરવા માટે આવેલ ભાવપત્રકો પર વિચારણા કરવા બાબત.

**ઠરાવ નં: (૮)** આથી ઠરાવવામાં આવે છે કે, યુનિ.ની વિવિધ પરીક્ષાઓ તથા તેને લગતી આનુષાંગિક કામગીરી માટે વાહનો ભાડેથી (રેટકોન્ટ્રાકથી) કરવા માટે આવેલ ભાવપત્રકો અંગેની બાબત સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવી.

(હિસાબી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, નાણાંસમિતિની તા. ૨૩ – ૦૩ – ૨૦૧૦ની ઉપરોકત બાબત ક્રમાંક : ૨ અને ૭ને યથાવત મંજૂર કરવી. બાબત ક્રમાક : ૮માં વાહનો ભાડેથી કરવા આવેલ ભાવપત્રકો પૈકી સામાન્યતઃ લોએસ્ટ –૧ શીવ ટ્રાવેલ્સ દ્વારા નેગોશીયેશન દરમ્યાન મીસ્ત્રી ટ્રાવેલ્સ દ્વારા જે તે વાહનોના ભાવ ઓછા ભરેલ છે તે જ રેટથી વાહનો પુરા પાડવા આપેલ સંમતિ મુજબ તે શરતે શીવ ટ્રાવેલ્સને આ વર્ક ઓર્ડર ૩૦મી જૂન ૨૦૧૧ સુધી જ આપવો.**

**બાબત ક્રમાંક : (૪) અંગે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.**

યુજીસીની અગિયારમી પંચવર્ષિય યોજના અંતર્ગત યુનિવર્સિટીને Internet Facilities Networking/ICT માટે ગ્રાંટ પ્રાપ્ત થઇ હતી. જે માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું. ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તા. ૧૭/૦૨/૧૦ રાખવામાં આવી હતી. ટેન્ડરમાં Active Componentsમાં Extreme, Cisco તેમજ Foundry કંપનીની Product માન્ય રાખવામાં આવી હતી.

તા. ૧૫/૨/૧૦ના રોજ D-Link (India) Ltd. દ્વારા યુનિવર્સિટીને રજૂઆત કરવામાં આવી હતી કે તેમની કંપની ૧૦૦થી વધુ દેશોમાં Networkingનું કામ કરે છે. સમગ્ર ભારત દેશમાં ૧૭ ઓફીસ દ્વારા ૨૩ પ્રદેશોમાં તેમની Productનું વેચાણ કરવામાં આવે છે. તેમજ ગુજરાતમાં ૩ સર્વિસ સેન્ટરો દ્વારા કામગીરી કરવામાં આવે છે. તેઓ પણ અન્ય વિદેશી કંપનીઓની જેમ Networkingની કામગીરી કરવા સક્ષમ હોઇ તેમનો પણ સમાવેશ ટેન્ડરમાં માન્ય Product તરીકે કરવો જોઇએ.

ભારતીય કંપનીને પ્રોત્સાહન મળે તેવી સરકારશ્રીની નીતિ તેમજ યુનિવર્સિટીને વધુ તંદુરસ્ત હરિફાઇયુક્ત ભાવો મળે તે ધ્યાને લઇ D-Link (India) Ltd.નો માન્ય Product તરીકે સમાવેશ કરી ટેન્ડર Revised કરવામાં આવ્યું હતું અને ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તા. ૧૭/૦૨/૨૦૧૦ને બદલે ૨૩/૦૨/૨૦૧૦ કરવામાં આવી હતી. આ અંગેનું Corrigendum ગુજરાત મિત્ર, સંદેશ તથા દિવ્ય ભાસ્કર વર્તમાનપત્રોમાં પ્રકાશિત કરવામાં આવ્યું હતું તેમજ યુનિવર્સિટીની વેબસાઇટ પર પણ મૂકવામાં આવેલ હતું. આ સંદર્ભે નિયત સમયમર્યાદા ૨૩/૦૨/૨૦૧૦, ૪:૦૦ pm સુધીમાં નીચેની કંપનીઓના ટેન્ડર યુનિવર્સિટીને મળેલ હતા.

| ક્રમ નં | કંપનીનું નામ | ક્વોટ કરેલ પ્રોડક્ટ | ટેન્ડર મળેલ તારીખ અને સમય |
|---|---|---|---|
| ૧. | Innovative Telecom & Software Pvt. Ltd. | D-Link | ૨૩/૦૨/૨૦૧૦ ૧૨:૦૫ pm |
| ૨. | Transit Electronics Pvt. Ltd. | D-Link | ૨૩/૦૨/૨૦૧૦ ૦૧:૧૫ pm |
| ૩. | Avaya Global Connect Ltd. | Extreme | ૨૩/૦૨/૨૦૧૦ ૦૩:૧૦ pm |
| ૪. | Geo System & Solutions | Extreme | ૨૩/૦૨/૨૦૧૦ ૦૩:૩૫ pm |

ટેન્ડરની શરતો પૈકી ભાવ ભરનાર કંપની દ્વારા Original Equipment Manufacturer (OEM) તરફથી Product અંગેની તમામ જવાબદારી OEMની રહેશે તે મુજબની ગેરંટી તથા વોરંટી અંગેનું પ્રમાણપત્ર ટેન્ડર સાથે જોડવાની એક અગત્યની શરત હતી. Transit Electronics Pvt. Ltd. અને Innovative Telecom & Software Pvt. Ltd. દ્વારા D-Link કંપનીની Productના ભાવ ભરવામાં આવ્યા હતા જ્યારે Avaya Global Connect Ltd તથા Geo System & Solutionsએ Extreme કંપનીની Productના ભાવ ભર્યા હતા. Avaya Global Connect Ltd તથા Geo System & Solutions દ્વારા રજૂ કરવામાં આવેલ Authorization Certificate એક જ સરખું હતું જ્યારે Transit Electronics Pvt. Ltd.અને Innovative Telecom &

Software Pvt. Ltd. દ્વારા D-Link કંપની તરફથી આપવામાં આવેલ Authorization Certificate જુદા જુદા પ્રકારના હતા. Transit Electronics Pvt. Ltd. દ્વારા રજુ કરવામાં આવેલ Authorization Certificateમાં તારીખ ન હતી, તદપરાંત Certficate કયા અધિકારી દ્વારા આપવામાં આવેલ છે તેનું નામ તથા હોદ્દો દર્શાવવામાં આવેલ ન હતા. આ Certificate કોને ઉદ્દેશીને લખવામાં આવેલ છે તે પણ સ્પષ્ટ ન હતું. D-Link (India) Ltd. બંને કંપનીઓની જવાબદારી લે છે કે કેમ ? તેવી ટેલીફોનીક ચર્ચા D-Link (India) Ltd.ના શ્રી ગૌરવ ભટનાગર, બ્રાંચ હેડ - ગુજરાત સાથે કરતા તેમણે જણાવેલ કે તેઓ એ માત્ર Innovative Telecom & Software Pvt. Ltdને જ Authorization આપેલ છે તેમણે Transit Electronics Pvt. Ltd.ને Authorization આપેલ નથી. વધુમાં તેમની પાસે આ બાબત લેખિતમાં યુનિવર્સિટીને મોકલી આપવા વિનંતી કરેલ. જે સંદર્ભે D-Link (India) Ltd.ના શ્રી ગૌરવ ભટનાગર, બ્રાંચ હેડ - ગુજરાત દ્વારા પત્ર યુનિવર્સિટીને મોકલી આપવામાં આવેલ જે યુનિવર્સિટીને તા. ૫/ ૦૩/ ૨૦૧૦ના રોજ મળેલ અને જેની નોંધ યુનિવર્સિટીના ઇનવર્ડ રજીસ્ટરમાં આવક નં. ૨૪૧૬થી કરવામાં આવેલ છે. (બિડાણ-A)

ઉપરોક્ત બાબત ધ્યાને લઇ તા. ૮/૦૩/૨૦૧૦ના રોજ Comparative Statement બનાવતા D-Link (India) Ltd. દ્વારા Transit Electronics Pvt. Ltd.ને Authorization આપેલ ન હોઇ તેમજ Transit Electronics Pvt. Ltd સાથેના વ્યવહારમાં તેમની કોઇ જવાબદારી રહેશે નહી તેમ જણાવેલ હોઇ ટેકનીકલ કારણસર Transit Electronics Pvt. Ltd.નું ટેન્ડર રદ કરવામાં આવેલ અને બાકીની ત્રણ કંપનીઓનું Comparative Statement બનાવવામાં આવેલ. જે નાણા સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવેલ હતું જે નીચે મુજબ છે.

| ક્રમ નં | કંપનીનું નામ | ક્વોટ કરેલ પ્રોડક્ટ | ક્વોટ કરેલ રકમ |
|---|---|---|---|
| ૧. | Avaya Global Connect Ltd. | Extreme | ૬૯,૩૪,૯૮૨/-* |
| ૨. | Geo System & Solutions | Extreme | ૫૦,૦૩,૯૫૭/-* |
| ૩. | Innovative Telecom & Software Pvt. Ltd. | D-Link | ૪૭,૫૬,૧૭૧/- |

*૧ USD = ૪૬/- INR has been assumed for price quoted in USD

નાણા સમિતિએ તેની તા. ૨૩/૦૩/૨૦૧૦ની બેઠકના ઠરાવ ક્રમાંક નં. ૪ મુજબ સૌથી નીચા ભાવ ભરનાર કંપની સાથે મા કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને ત્રણ સભ્યોની સમિતિ બનાવી જરૂરી Negotiation કરતા તા. ૦૮/૦૪/૨૦૧૦ના રોજ સૌથી નીચા ભાવ ભરનાર કંપની Innovative Telecom & Software Pvt. Ltd.ના પ્રતિનિધી શ્રી મિહિર અ્હાવાલાએ રૂ.૫૬,૧૭૧/-નો ઘટાડો સ્વીકાર્યો હતો તથા D-Link (India) Ltd. તેમને જે કોઇ ભાવ ઘટાડો કરી આપે તે તમામ યુનિવર્સિટીને ઘટાડવાની તૈયારી દર્શાવી હતી.

સિન્ડિકેટની સભાએ ઉપરોક્ત તમામ બાબતોની નોંધ લઇ D-Link (India) Ltd.ના શ્રી ગૌરવ ભટનાગર, બ્રાંચ હેડ - ગુજરાત તથા Innovative Telecom & Software Pvt. Ltd.ના પ્રતિનિધી શ્રી મિહિર ચ્હાવાલા સાથે Negotiation હાથ ધરતા પહેલા તેમના દ્વારા Transit Electronics Pvt. Ltd. દ્વારા આપવામાં આવેલ Authorization Certificateની વિશ્વસનિયતા અંગે D-Link (India) Ltd.ના શ્રી ગૌરવ ભટનાગર, બ્રાંચ હેડ - ગુજરાતને પૂછવામાં આવેલ હતું. જે અંગે તેમણે જણાવ્યું હતું કે આ Certificate તેમની ઓફિસ દ્વારા આપવામાં આવેલ ન હતું તેમજ તેમાં સહી કોના દ્વારા કરવામાં આવેલ છે તે જાણતા નથી તેમ છતાં તેમના Office record તપાસી તેઓ યુનિવર્સિટીને લેખિતમાં જાણ કરશે. આમ, તેમણે સિન્ડિકેટની સભા સમક્ષ સ્પષ્ટ કર્યું હતું કે Transit Electronics Pvt. Ltd.નું D-Link (India) Ltd.સાથે કોઇ જ જોડાણ નથી તેમજ Transit Electronics Pvt. Ltd.ને કોઇપણ પ્રકારની ગેરંટી, વોરંટી કે Authorization આપેલ નથી.

ઉપરોક્ત બાબત ધ્યાને લઇ સિન્ડિકેટની સભા સર્વાનુમતે ઠરાવે છે કે Transit Electronics Pvt. Ltd.ને Technically disqualified કરવામાં આવેલ છે તેને માન્ય રાખવું અને બાકી રહેતી ત્રણ કંપનીઓ પૈકી સૌથી નીચા ભાવ ભરનાર કંપની સાથે ભાવ માટે વાટાઘાટો કરવી.

આ સંદર્ભે D-Link (India) Ltd.ના શ્રી ગૌરવ ભટનાગર, બ્રાંચ હેડ - ગુજરાત તથા Innovative Telecom & Software Pvt. Ltd.ના પ્રતિનિધી શ્રી મિહિર ચ્હાવાલા સાથે સંયુક્ત વાટાઘાટો કરતા તેમણે અંતિમ ભાવ રૂા. ૪૨ લાખ આપેલ હતો જેની સિન્ડિકેટ સમક્ષ લેખિત પત્ર દ્વારા સંમતિ દર્શાવવામાં આવેલ હતી.

ઉપરોક્ત બાબત ધ્યાને લેતા અંતિમ પરિસ્થિતિ નીચે મુજબ થઇ હતી.

| ક્રમ નં | કંપનીનું નામ | ક્વોટ કરેલ પ્રોડક્ટ | ક્વોટ કરેલ રકમ |
|---|---|---|---|
| ૧. | Innovative Telecom & Software Pvt. Ltd. | D-Link | ૪૨,૦૦,૦૦૦/- |
| ૨. | Geo System & Solutions | Extreme | ૫૦,૦૩,૯૫૭/-* |
| ૩. | Avaya Global Connect Ltd. | Extreme | ૬૯,૩૪,૯૮૨/-* |

*૧ USD = ૪૬/- INR has been assumed for price quoted in USD

આમ, Innovative Telecom & Software Pvt. Ltd.એ દર્શાવેલ ભાવ રૂા. ૮,૦૩,૯૫૭/- ઓછા ક્વોટ કરવામાં આવ્યા હતા.

ત્યારબાદ સમગ્ર ટેન્ડરની વિગતોનો ઝીણવટપૂર્વક અભ્યાસ કરતા માલૂમ પડ્યું હતું કે મૂળ ટેન્ડર Extreme, Cisco તથા Foundryને ધ્યાને લઇ બનાવવામાં આવેલ ટેન્ડરમાં D-Linkનો ઉમેરો પાછળથી કરવામાં આવ્યો હતો. Technical specification, Extreme કંપનીને ધ્યાનમાં રાખી બનાવવામાં આવેલ હતા. આથી ભવિષ્યમાં system ચલાવવામાં પ્રતિકૂળતા ઉભી ન થાય તે બાબતને ધ્યાને લઇ કોઇપણ કંપનીની Product વધુમાં વધુ યુનિવર્સિટીના Specification પ્રમાણે Match થાય અને Product પુરી પાડી શકે તે રીતનું કોઇપણ કંપનીની Product ધ્યાનમાં લીધા સિવાય ટેન્ડર તૈયાર કરી સમગ્ર પ્રક્રિયા ફરીથી કરવાનું ઠરાવવામાં આવે છે.

**(પરિશિષ્ટ : " ચ ")**

૨૧. એકવેટીક બાયોલોજી વિભાગ ખાતે ટેસ્ટીગ લેબોરેટરી શરૂ કરવા માટે સિન્ડિકેટની તારીખઃ ૨૦–૦૮–૨૦૦૯ ની સભાના ઠરાવ નં. ૩૪ થી સીડ મની તરીકે રૂા. ૫,૦૦,૦૦૦/– મંજૂર કરવામાં આવેલા હતા. ટેસ્ટીગ લેબોરેટરી અંતર્ગત નીચે મુજબના અત્યંત ઉપયોગી વૈજ્ઞાનિક સાધનો ખરીદવા કવોટેશન મંગાવામાં આવેલા હતા.

**૧. આલ્ફા કાઉન્ટીંગ સીસ્ટમ.**

**૨. લો બીટા કાઉન્ટીંગ સીસ્ટમ.**

ઉપરોકત વૈજ્ઞાનિક સાધનો પૈકી આલ્ફા કાઉન્ટીગ સીસ્ટમ નિયમાનુસાર કવોટેશન મંગાવી રૂા.૮૩,૧૬૮/– ની કિંમતે ખરીદવામાં આવનાર છે. જયારે લો બીટા કાઉન્ટીગ સીસ્ટમ માટે પ્રથમ વખત પાંચ પાર્ટીઓમાંથી ચાર પાર્ટીઓએ અને બીજી વખતે સાત પાર્ટીઓમાંથી ચાર પાર્ટીઓના કવોટેશન પ્રાપ્ત થયા હતા. બંને વખત મંગાવેલ કવોટેશન પૈકી માત્ર એક જ પાર્ટી ન્યુકલીઓનિકસ, હૈદરાબાદનું જ સ્પેસીફીકેશન સુયોગ્ય હોય તેમની પાસેથી રૂા.૪,૫૦,૦૦૦/– + ટેક્ષની કિંમતે ખરીદવા તેમજ સદર ઉપરોકત સાધનો ખરીદવા માટે રૂા.૫,૦૦,૦૦૦/– થી વધુ રકમની જરૂરીયાત હોવાથી ઓ.એન.જી.સી. દ્વારા આપેલ ૨૦૦૫–૦૭ ના પ્રોજેકટ **''Upkeep, maintenance and proving efficacy of effluent treatment practices of ONGC, Hazira Project** ની વધવા પામેલ રૂા.૧,૩૬,૦૫૨/– ની રકમનો ઉપયોગ કરવા વિચારણા કરવા બાબત.

<u>નોંધ : –</u>

(૧) ઉપરોકત સાધનની કિંમત પ્રમાણે ટેન્ડર બહાર પાડવાનુ થાય પરંતુ એક જ પાર્ટીનુ જ સ્પેશીફીકેશન સુયોગ્ય હોઈ કવોટેશન મંજૂર કરવા વિનંતી કરવામાં આવેલ છે.

(૨) ઉપરોકત સાધન માટે બીજી વખત મંગાવે કવોટેશન માટે ન્યુકલીઓનીકસ, હૈદરાબાદ કંપનીએ રૂા. ૫,૫૦,૦૦૦/– + ટેક્ષ કિંમત બતાવી હતી. જે બાબતે વિભાગીય વડાશ્રીએ પાર્ટી સાથે ટેલીફોનીક નેગોશીયેશન કરતા પાર્ટી સદર સાધન કિંમત રૂા.૪,૫૦,૦૦૦/– ની કિંમતે પૂરુ પાડવા નવું કવોટેશન મોકલી આપેલ છે.

(એકવેટીક બાયોલોજી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વિભાગીય અધ્યક્ષ મોહિનીબેને સદર પાર્ટી સાથે ફોન પર નેગોશીયેશન કરતાં બીજા રૂા.૫,૦૦૦/– ઘટાડવાની મંજૂરી આપતાં રૂા.૪,૪૫,૦૦૦/– ના ભાવે ટેન્ડર મંજૂર કરવાં.**

૨૨. યુનિવર્સિટીના સ્ટેટયુટ – ૧૯૭ અનુસાર સિન્ડિકેટના સભ્યો નહી હોય એવા સેનેટના પાંચ સામાન્ય સભ્યો સને : ૨૦૧૦ – ૨૦૧૧(એટલે કે તા. ૧ – ૪ – ૨૦૧૦ થી ૩૧ – ૩ – ૨૦૧૧)ના નાણાકીય વર્ષ માટે યુનિવર્સિટીના બોર્ડ ઓફ એકાઉન્ટસ પર નિમણૂંક કરવાની હોઈ, જે પૈકીના બે સભ્યોને બિન હરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા છે. બોર્ડ ઓફ એકાઉન્ટસના પાંચ સભ્યો પૈકીના ત્રણ સભ્યની ઉપર જણાવ્યા મુજબ નિમણૂંક કરવાની બાકી રહેતી હોય, વિચારણા કરવા બાબત.

(હિસાબી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના સ્ટેટયુટ – ૧૯૭ અનુસાર સિન્ડિકેટના સભ્યો નહી હોય એવા સેનેટના પાંચ સામાન્ય સભ્યો સને : ૨૦૧૦ – ૨૦૧૧(એટલે કે તા.૧ – ૪ – ૨૦૧૦ થી ૩૧ – ૩ – ૨૦૧૧)ના નાણાકીય વર્ષ માટે યુનિવર્સિટીના બોર્ડ ઓફ એકાઉન્ટસ પર નિમણૂંક કરવાની હોઈ, જે પૈકીના બે સભ્યોને બિન હરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા છે. બોર્ડ ઓફ એકાઉન્ટસના પાંચ સભ્યો પૈકીના ત્રણ સભ્યની નીચે મુજબ નિમણુંક કરવી.**

**(૧) આ. શ્રી જે. એમ. નાયક (નવયુગ કોમર્સ કોલેજ)**

**(૨) ડૉ. આર. ડી. પટેલ (હેડ, સ્ટેટેસ્ટીકસ વિભાગ)**

**(૩) શ્રી યોગેશભાઈ એસ. પટેલ (સેનેટ સભ્યશ્રી)**

૨૩. ડીપાર્ટમેન્ટ ઓફ રીસર્ચ મેથોડોલોજી એન્ડ ઈન્ટર ડીસીટલીનરી સ્ટડીઝ ઈન સોસ્યલ સાયન્સ ખાતે સેન્ટર ફોર હયુમન ડેવલપમેન્ટ સ્ટડીઝ શરૂ કરવા ડૉ. કિરણ પંડયાના તા.૫ / ૪ / ૨૦૧૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતનો સૈધ્ધાંતિક સ્વીકાર કરવો અને સેન્ટર ફોર હયુમન ડેવલપમેન્ટ સ્ટડીઝ શરૂ કરવા યુ. જી. સી.ને પ્રપોઝલ મોકલવી અને હયુમન ડેવલપમેન્ટ રીપોર્ટ માટે ડૉ. કિરણભાઈ પંડયાને અભિનંદન પાઠવવા.**

૨૪. ઓકટોબર – ૨૦૦૩માં અખંડ આનંદ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વેડરોડ, સુરતમાં લેવાયેલ એસ. વાય. બી. કોમ. પરીક્ષાના બેઠક ક્રમાંક : ૦૨૭૪૭ની એડ્. એકાઉન્ટીગ –૧ નાં ગુણોમાં થયેલ ફેરફાર બાબતમાં વિશેષ તપાસ કરી અહેવાલ આપવા પરીક્ષા આચાર સમિતિની તા. ૨૪/ ૩ / ૨૦૦૬ની સભામાં (૧) શ્રી હેમંતભાઈ ટોપીવાલા (૨) આ. શ્રી નાનુભાઈ ડી. પટેલ ( ૩) આ. શ્રી બી. એન. જોષીની પેટા સમિતિ માટે સિન્ડિકેટને ભલામણ કરી હતી. આચાર સમિતિએ કરેલ ભલામણ સિન્ડિકેટે તેની તા. ૨૧/ ૪ / ૨૦૦૬ના ઠરાવ ક્રમાંક : ૦૧૫થી યથાવત્ મંજુર થઈ હતી. જે બાબતે ઉપરોકત પેટા સમિતિના સભ્યોને તપાસ કરી અહેવાલ આપવા જણાવેલ હોવા છતાં આજદિન સુધી તપાસ કરી અહેવાલ આપવામાં આવેલ નથી. જે અંગે વિચારણા કરવા બાબત.

(૧) તા. ૦૪/ ૧૨/ ૨૦૦૯ની આચાર સમિતિએ પ્રસ્તુત બાબતમાં અલગ નોંધ રજુ કરી આદેશ લેવા જણાવેલ હતું.)

(પરીક્ષા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, બાબત ક્રમાંક : ૨૫ સાથે સંયુકત રીતે વિચારણા કરવામાં આવી.**

૨૫. એપ્રિલ –૨૦૦૫માં અખંડ આનંદ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વેડ રોડ, સુરતમાં લેવાયેલ ટી. વાય.બી.કોમ. પરીક્ષાના બેઠક ક્રમાંકઃ ૦૮૯૪૧ ના વિદ્યાર્થીની ઉત્તરવહી બહારથી લાવવાની શંકાની આચાર સમિતિની નોંધ ઘ્યાનમાં લેતા પ્રસ્તુત બાબતે તપાસ કરી રિપોર્ટ આપવા પરીક્ષા આચાર સમિતિની તા. ૧૧/૧૦/૨૦૦૬ની સભામાં (૧) શ્રી. હેમંતભાઈ ટોપીવાલા (૨) શ્રી. મયુરભાઈ ચૌહાણ (૩) પ્રિ. ઈશ્વરભાઈ એમ. પટેલ અને (૪) પ્રિ.ડૉ. ભાસ્કરભાઈ રાવલની પેટા સમિતિની રચના કરવા સિન્ડિકેટને ભલામણ કરી હતી. આચાર સમિતિએ કરેલી ભલામણ સિનિડકેટની તા. ૪/૧/૨૦૦૭ ના ઠરાવ ક્રમાંક :૦૧૩ થી યથાવત મંજૂર થઈ હતી. જે બાબતે પેટા સમિતિના સભ્યોને પ્રસ્તુત બાબતમાં તપાસ કરી રિપોર્ટ આપવા જણાવેલ હોવા છતાં આજ દિન સુધી રિપોર્ટ આપેલ નથી. જે અંગે વિચારણા કરવા બાબત.

**(નોંધઃ–** તા. ૪/૧૨/૨૦૦૯ ની આચાર સમિતિએ પ્રસ્તુત બાબતમાં અલગ નોંધ રજૂ કરી આદેશ લેવા જણાવેલ હતુ.**)**

(પરીક્ષા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, બાબત ક્રમાંક : ૨૪ અને ૨૫ની સંયુકત રીતે વિચારણા કરવામાં આવી હતી જેમાં નીચે મુજબની સમિતિ નીમવી અને આ સમિતિએ ૩૦ (ત્રીસ) દિવસમાં યુનિવર્સિટીને રીપોર્ટ કરવો અને આ રીપોર્ટ સિન્ડિકેટમાં વિચારણા માટે રજૂ કરવો.**

**(૧) શ્રી હેમંતભાઈ ટોપીવાલા**

**(૨) આ. શ્રી જે. એમ. નાયક (નવયુગ)**

**(૩) આ. ડૉ. કે. એન. ચાવડા (અમરોલી)**

૨૬. યુનિવર્સિટીના રસાયણશાસ્ત્ર વિભાગના પ્રોફેસર એન્ડ હેડ ડૉ.પ્રતાપ બહાદૂરના આ સાથે સામેલ તા. ૧૫/૩/૨૦૧૦ ના પત્રથી જણાવ્યાનુસાર, તેઓ StFX University, Antigonish Canada ખાતે બીજા તબક્કાની James Chair Visiting Research Professorship અર્થે તેમના વિભાગનું શૈક્ષણિક કાર્ય તેમજ પરીક્ષાને લગતી કામગીરી પૂર્ણ કરી મે–૨૦૧૦ ના મધ્ય ભાગમાં આ યુનિવર્સિટી ખાતેનુ તા. ૧૦–૫–૨૦૧૦ થી તા. ૧૩–૬–૨૦૧૦ સુધી ઉનાળુ વેકેશન તેમજ નવા શૈક્ષણિક સત્રના પ્રથમ દિવસથી તા. ૧૪–૬–૨૦૧૦ થી તા. ૧૩–૭–૨૦૧૦ સુધી એક માસની ડ્યુટી લીવ મંજૂર કરવા કરેલ વિનંતી અંગે વિચારણા કરવા બાબત.

**(નોંધ:** ડૉ. પ્રતાપ બહાદુરના જણાવ્યાનુસાર, તેઓ સ્વખર્ચે મુસાફરી ખર્ચ ઉઠાવનાર છે તેમજ સદર યુનિવર્સિટી દ્વારા તેઓને અગાઉ 2000 can dollar honorarium + 2000 living expenses per month આપેલ જે પૈકી 620 can dollar as tax & 1400 can dollar as the rent for accommodation ચૂકવ્યા હતા એમ જણાવેલ છે.**)**

(વહીવટી)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, વિધાઉટ પે અને વિધાઉટ બ્રેક ડૉ. પી. બહાદુરની એકસ્ટ્રા ઓર્ડીનરી લીવ મંજૂર કરવી.**

૨૭. બોટની વિષયની અભ્યાસસમિતિએ તેની તા. ૦૨–૦૯–૦૯ ની સભાના ઠરાવ ક્રમાંક : ૫ અન્વયે કરેલી નીચેની ભલામણ વિજ્ઞાન વિદ્યાશાખાએ તેની તા. ૨૮–૦૧–૧૦ ની સભાના ઠરાવ ક્રમાંક : ૭ અન્વયે તેમજ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૦૮–૦૩–૧૦ ની સભાના ઠરાવ ક્રમાંક : ૨૦ થી સ્વીકારી તે મંજૂર કરવા સિન્ડિકેટને કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

<u>બોટની વિષયની અભ્યાસસમિતિની તા. ૦૨–૦૯–૦૯ ની સભાની ભલામણ ક્રમાંક : ૫</u>

એસ.વાય.બી.એસસી. અને ટી.વાય.બી.એસસી. બોટની પ્રેકટીકલ માં ફીઝીકસ અને કેમેસ્ટ્રી વિષયમાં એક્ષપર્ટ આસીસ્ટન્ટ અને લેબ આસીસ્ટન્ટ મળે તેની સરખામણીમાં બાયોલોજી વિષયમાં મળતા નથી. હાલમાં એક જ એક્ષપર્ટ આસીસ્ટન્ટ અને લેબ આસીસ્ટન્ટ મળે છે. પરંતુ બાયોલોજીમાં પ્રેકટીકલ અને સ્પોટીગ એમ બે કામગીરી સાથે ચાલતી હોઈ જેથી બીજા વિષયની જેમ બાયોલોજી પ્રેકટીકલમાં પણ બે એક્ષપર્ટ આસીસ્ટન્ટ અને બે લેબ આસીસ્ટન્ટ મળે તે માટે વિજ્ઞાન વિદ્યાશાખાને ભલામણ કરવામાં આવે છે.

<u>વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૨૮–૦૧–૧૦ ની સભાની ભલામણ ક્રમાંક : ૭</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબત પરીક્ષણને લગતી મહત્વની હોવાથી બધા જ બાયોલોજી (બોટની, ઝુલોજી, માઈક્રોબાયોલોજી) વિષયોમાં એસ.વાય.બી.એસસી. તથા ટી.વાય.બી.એસસી. ની પ્રાયોગિક પરીક્ષા દરમિયાન ૨ એક્ષપર્ટ આસીસ્ટન્ટ તથા ૨ લેબોરેટરી આસીસ્ટન્ટની નિમણૂંક માટે યોગ્ય મંજૂરી આપવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે.

<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૦૮–૦૩–૧૦ ની સભાની ભલામણ ક્રમાંક : ૨૦</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૨૮–૦૧–૧૦ની સભાની ભલામણ ક્રમાંક : ૭ અન્વયે એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ સ્વીકારી અને જરૂરી મંજૂરી આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

(શૈક્ષણિક)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા. ૦૮ – ૦૩ – ૧૦ ની સભાની ભલામણ ક્રમાંક : ૨૦ને યથાવત મંજૂર કરવી.**

૨૮. બોટની વિષયની અભ્યાસસમિતિએ તેની તા. ૦૨–૦૯–૦૯ ની સભાના ઠરાવ ક્રમાંક : ૪ અન્વયે કરેલી નીચેની ભલામણ વિજ્ઞાન વિદ્યાશાખાએ તેની તા. ૨૮–૦૧–૧૦ ની સભાના ઠરાવ ક્રમાંક : ૬ અન્વયે તેમજ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૦૮–૦૩–૧૦ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૯ થી સ્વીકારી તે મંજૂર કરવા સિન્ડિકેટને કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**બોટની વિષયની અભ્યાસસમિતિની તા. ૦૨–૦૯–૦૯ ની સભાની ભલામણ ક્રમાંક : ૪**

યુનિ. પરીક્ષા મહેનતાણા / ૮૯૯૭ / ૦૯, તા. ૧૩–૦૭–૨૦૦૬ ના પેરા ૯ માં તમામ વિષયોમાં સ્ટોરકીપરના મહેનતાણાની જોગવાઈ હોવા છતાં બાયોલોજી વિષયમાં સ્ટોરકીપરના પૈસા કાપી લેવામાં આવે છે જે નહી કપાય તે માટે વિજ્ઞાન વિદ્યાશાખાને ભલામણ કરવામાં આવે છે.

**વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૨૮–૦૧–૧૦ ની સભાની ભલામણ ક્રમાંક : ૬**

:: આથી ઠરાવવામાં આવે છે કે, સદર વ્યવસ્થા નિયમાનુસાર હોવાથી યોગ્ય તે કરવા ભલામણ છે. ઉપરાંત નાણાંકીય બાબત હોવાથી એકેડેમિક કાઉન્સિલ તેમજ નાણાંસમિતિ સમક્ષ મુકવા ભલામણ છે.

**એકેડેમિક કાઉન્સિલની તા. ૦૮–૦૩–૧૦ ની સભાની ભલામણ ક્રમાંક : ૧૯**

:: આથી ઠરાવવામાં આવે છે કે, વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૨૮–૦૧–૧૦ની સભાની ભલામણ ક્રમાંક : ૬ અન્વયે એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ સ્વીકારવી અને જરૂરી યોગ્ય નિર્ણય લેવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

(શૈક્ષણિક)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા. ૦૮ – ૦૩ – ૧૦ ની સભાની ભલામણ ક્રમાંક : ૧૯ને યથાવત મંજૂર કરવી.**

૨૯. યુનિવર્સિટી કાર્યાલયમાં જુદી જુદી કેડરમાં ફરજ બજાવતા કર્મચારીઓ પૈકી નીચે દર્શાવેલ કર્મચારીઓને એક વર્ષના અજમાયશી સમય માટે જે તે જગા પર બઢતી આપવામાં આવતા તેઓએ નિયામાનુંસાર કોમ્પ્યુટર કૌશલ્ય (Course on Computer Concept)($CCC/CCC^+$)સ્તરની પરીક્ષા પાસ કરી હોવાથી જે કર્મચારીઓએ અજમાયશી સમયમાં સદર પરીક્ષા પાસ કરી હોય તેવા કર્મચારીઓને અજમાયશી સમય પૂર્ણ થાય તે તારીખથી અને જે કર્મચારીઓએ અજમાયશી સમય બાદ પરીક્ષા પાસ કરી હોય તેવા કર્મચારીઓને પાસ થયાની તારીખથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

| ક્રમ | કર્મચારીનું નામ | હોદ્દો | વિભાગ | બઢતી આપ્યાની તારીખ | અજમાયશી સમય પૂરો થયાની તારીખ | કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા પાસ કર્યાની તારીખ | કાયમ કરવાની તારીખ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | શ્રીમતી ડી.એસ. બદામી | હેડકલાર્ક | પરીક્ષા | ૧૫/૦૬/૨૦૦૭ | ૧૪/૦૬/૨૦૦૮ | ૦૫/૦૨/૨૦૧૦ | ૦૫/૦૨/૨૦૧૦ |
| ૨ | શ્રી એસ. આર. સારંગ | સિ.કલાર્ક | પરીક્ષા | ૨૦/૦૬/૨૦૦૭ | ૧૯/૦૬/૨૦૦૮ | ૩૦/૦૬/૨૦૦૯ | ૩૦/૦૬/૨૦૦૯ |
| ૩ | શ્રી એચ. ટી. દેસાઈ | સિ.કલાર્ક | પરીક્ષા | ૨૦/૦૬/૨૦૦૭ | ૧૯/૦૬/૨૦૦૮ | ૩૦/૦૬/૨૦૦૯ | ૩૦/૦૬/૨૦૦૯ |
| ૪ | શ્રી એલ. સી. ચાવડા | સિ.કલાર્ક | વહીવટી | ૩૦/૧૦/૨૦૦૭ | ૨૯/૧૦/૨૦૦૮ | ૨૦/૦૧/૨૦૧૦ | ૨૦/૦૧/૨૦૧૦ |
| ૫ | શ્રી ડી. એલ. પટેલ | હેડકલાર્ક | વહીવટી | ૩૦/૧૦/૨૦૦૭ | ૨૯/૧૦/૨૦૦૮ | ૦૫/૦૨/૨૦૧૦ | ૦૫/૦૨/૨૦૧૦ |
| ૬ | શ્રી પી.સી. કોસંબીયા | સિ.કલાર્ક | પરીક્ષા | ૨૨/૧૨/૨૦૦૭ | ૨૧/૧૨/૨૦૦૮ | ૨૦/૦૧/૨૦૧૦ | ૨૦/૦૧/૨૦૧૦ |
| ૭ | શ્રીમતી પી.બી. સુરતી | સિ.કલાર્ક | જર્નાલીઝમ | ૧૨/૦૮/૨૦૦૮ | ૧૧/૦૮/૨૦૦૯ | ૧૭/૦૨/૨૦૧૦ | ૧૭/૦૨/૨૦૧૦ |
| ૮ | શ્રી ડી. એમ. પટેલ | સિ.કલાર્ક | પરીક્ષા | ૨૫/૧૧/૨૦૦૮ | ૨૪/૧૧/૨૦૦૯ | ૧૭/૦૨/૨૦૧૦ | ૧૭/૦૨/૨૦૧૦ |
| ૯ | શ્રી ડી. આઈ. દેસાઈ | કેશીયર | હિસાબી | ૨૫/૧૧/૨૦૦૮ | ૨૪/૧૧/૨૦૦૯ | ૩૦/૦૬/૨૦૦૯ | ૨૪/૧૧/૨૦૦૯ |
| ૧૦ | શ્રીમતી આર. આઈ. સુલેમાની | હેડકલાર્ક | એકેડેમિક | ૧૭/૦૩/૨૦૦૯ | ૧૬/૦૩/૨૦૧૦ | ૧૫/૧૧/૨૦૦૯ | ૧૬/૦૩/૨૦૧૦ |
| ૧૧ | શ્રી એચ. એન. શર્મા | સિ.કલાર્ક | હિસાબી | ૧૭-૦૩-૨૦૦૯ | ૧૬-૦૩-૨૦૧૦ | ૩૦/૦૬/૨૦૦૯ | ૧૬/૦૩/૨૦૧૦ |
| ૧૨ | શ્રી એ. આઈ. દેસાઈ | કાર્યાલય અધિક્ષક | સિન્ડિકેટ | ૧૭-૦૩-૨૦૦૯ | ૧૬-૦૩-૨૦૧૦ | ૦૪/૦૨/૨૦૦૯ | ૧૬/૦૩/૨૦૧૦ |

{ **<u>નોંધ</u> : (૧)** ક્રમ નં–૧૦ અને૧૧,ના કર્મચારીઓએ અજમાયશી સમયમાં પરીક્ષા પાસ કરેલ છે. એટલે CCC ની કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા પાસ કરેલ હોવાથી તેઓને અજમાયશી સમય પૂર્ણ થયાની તારીખથી કાયમ કરવાના રહેશે. જે જાણ માટે.

(૨) ક્રમ નં ૧૨ ના કર્મચારીએ બઢતી પહેલા પરીક્ષા પાસ કરેલ છે. પરંતું તેઓ સદર જગા પર કાયમ થાય તે પહેલા એટલે કે તેઓની નિવૃત્તિની તારીખ જન્મ તારીખ ૩૧–૧૨–૧૯૪૯ મુજબ નિવૃત્ત થયેલા ગણાય અને કાયમ થવાની તારીખ ૧૬– ૦૩–૨૦૧૦ હોય પરંતું સત્ર મુજબ તા. ૧૪/૬/૨૦૧૦ ના રોજ નિવૃત્ત થાય છે. }

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કાર્યાલયમાં જુદી જુદી કેડરમાં ફરજ બજાવતા કર્મચારીઓ પૈકી ઉપરોકત દર્શાવેલ કર્મચારીઓને એક વર્ષના અજમાયશી સમય માટે જે તે જગા પર બઢતી આપવામાં આવતા તેઓએ નિયામાનુંસાર કોમ્પ્યુટર કૌશલ્ય (Course on Computer Concept) ($CCC/CCC^+$) સ્તરની પરીક્ષા પાસ કરી હોવાથી જે કર્મચારીઓએ અજમાયશી સમયમાં સદર પરીક્ષા પાસ કરી હોય તેવા કર્મચારીઓને અજમાયશી સમય પૂર્ણ થાય તે તારીખથી અને જે કર્મચારીઓએ અજમાયશી સમય બાદ પરીક્ષા પાસ કરી હોય તેવા કર્મચારીઓને પાસ થયાની તારીખથી કાયમ કરવા.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, ક્રમાંક : ૧૨નાં કર્મચારી શ્રી એ. આઈ. દેસાઈને તા.૩૦ – ૧૨ – ૦૯ ના રોજ વય મર્યાદાને કારણે નિવૃત્તિના ૬૦ વર્ષ પૂર્ણ થાય છે. શ્રી એ. આઈ. દેસાઈનો અજમાયશી સમય તા.૧૬– ૩–૨૦૧૦ના રોજ પૂરો થાય છે પરંતુ તેઓ તે પહેલાં તા. ૩૦ – ૧૨ – ૨૦૦૯ના રોજ કાર્યાલય સમય બાદ વય મર્યાદાને લીધે નિવૃત્ત થતાં હોઈ, તેમને તા.૩૦–૧૨–૦૯ના રોજ ખાસ કિસ્સા તરીકે કાયમી કરવામાં આવે છે.**

૩૦. યુનિવર્સિટી કાર્યાલયમાં તા.૩ – ૧૧ – ૨૦૦૮થી પરીક્ષા નિયામક તરીકે ફરજ બજાવતા શ્રી એ.વી. ધડુકનો રૂા. ૧૦,૦૦૦–૩૨૫– ૧૫,૨૦૦ ના પગાર ધોરણમાં રૂા.૧૦,૦૦૦/–પાયાના પગારથી થયેલ નિમણૂંક અંતગર્ત તેઓને તે તારીખ થી રૂા. ૧૧,૮૫૦/– પાયાનો પગારમાં પે પ્રોટેકટ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કાર્યાલયમાં તા.૩ – ૧૧ – ૨૦૦૮થી પરીક્ષા નિયામક તરીકે ફરજ બજાવતા શ્રી એ.વી. ધડુકનો રૂા. ૧૦,૦૦૦–૩૨૫– ૧૫,૨૦૦ ના પગાર ધોરણમાં રૂા.૧૦,૦૦૦/–પાયાના પગારથી થયેલ નિમણૂંક અંતગર્ત તેઓને તે તારીખ થી રૂા. ૧૧,૮૫૦/– પાયાનો પગારમાં પે પ્રોટેકટ કરવા સરકારશ્રીનો અભિપ્રાય મેળવી સિન્ડિકેટમાં વિચારણા માટે રજૂ કરવો.**

૩૧. એકેડેમીક કાઉન્સિલની તા.૮–૩–૨૦૧૦ની સભાએ તેના ઠરાવ ક્રમાંક : ૧૦ અન્વયે J. P. Dawar Institute of information Science and Technology ખાતે ચાલતા Five Years Integrated M. Sc. (Information & Communication Technology) Institute, College કે Department ગણવા માનનીય કુલપતીશ્રી નિયુકત સમિતિએ M.Sc (Information & Communication Technology) અભ્યાસક્રમ ચાલતો હોય તેને અનુસ્નાતક વિભાગ (Post Graduate Department) ગણવા તેમજ બાયોસાયન્સ વિભાગમાં ચાલતા M.Sc. (Bio Technology) Five Years Integrated કોર્ષ Department of Biotechnology અંતર્ગત ચલાવવાની ભલામણનો સ્વીકાર કરી– M. Sc. (IT & ICT) તથા M.Sc. (Bio Technology) ના અભ્યાસક્રમને વિકસાવવા માટે બંને ઈન્સ્ટિટ્યુટને સ્વતંત્ર ડીપાર્ટમેન્ટ તરીકેનો દરજજો આપવા તથા માળખાકીય સવલતો તથા સ્વતંત્ર શૈક્ષણિક – બિનશૈક્ષણિક સ્ટાફની જોગવાઈ કરવા સિન્ડિકેટને ભલામણ કરેલ હોય જે પર વિચારણા કરવા બાબત.

**<u>એકેડેમીક કાઉન્સિલની તા. ૦૮–૦૩–૨૦૧૦ બાબત ક્રમાંકઃ ૧૦</u>**

((૧૦) M. Sc. ( IT &ICT ) Programmeની Executive Commitee ની મીટીગ તા. ૦૪–૦૪–૨૦૦૯નાં ઠરાવ ક્રમાંકઃ૩ અન્વયે યુનિવર્સિટી ખાતેના J. P. Dawar Institute of information Science and Technology ને તથા Five Year Integrated M. Sc. (Bio-Technology) Institute, College કે Department ગણવો તે નકકી કરવા અંગે માનનીય કુલપતીશ્રીએ નીમેલ સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

❖ આથી ઠરાવવામાં આવે છે કે, M. Sc. (IT & ICT) Programmeની Executive Commiteeની મીટીગ તા. ૦૪–૦૪–૨૦૦૯નાં ઠરાવ ક્રમાંક : ૩ અન્વયે યુનિવર્સિટી ખાતેના J. P. Dawer Institute of information Science and Technologyને તથા Five Years Integrated M. Sc. (Bio-Technology) Institute, College કે Department ગણવો તે નકકી કરવા અંગે માનનીય કુલપતીશ્રીએ નીમેલ સમિતિના ભલામણનો સ્વકાર કરવો.

વધુમાં ઠરાવવામા આવે છે કે, M.Sc. (IT & ICT) તથા M.Sc. (Bio-Technology)ના અભ્યાસક્રમોને વિકસાવવા માટે આ બંને ઈન્સ્ટીટયુટને સ્વતંત્ર ડીપાર્ટમેન્ટ તરીકેનો દરજજો આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે તથા આ બંને અભ્યાસક્રમોને સારી રીતે ચલાવવા માટે જરૂરી માળખાકીય સવલતો તથા સ્વતંત્ર શૈક્ષણિક–બિનશૈક્ષણિક સ્ટાફની જોગવાઈ કરી ઘટતુ કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.)

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, M. Sc. (IT & ICT) તેમજ M. Sc. (Bio - Technology)ના અભ્યાસક્રમોના વિભાગોને સ્વતંત્ર ડીપાર્ટમેન્ટનો દરજજો આપવો. પ્રસ્તુત અભ્યાસક્રમો માટે બન્ને ડીપાર્ટમેન્ટ માટે એક પ્રોફેસર/ ડાયરેકટરની પોસ્ટ ઉભી કરવી.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ જગ્યા માટે સ્વનિર્ભર કોલેજોમાં આચાર્યની જગ્યા માટે આપેલ ૬૨ ને બદલે ૬૫ વર્ષ સુધીની વયમર્યાદા લાગુ પાડવી. વધુમાં જો પગાર ઓછા પેન્શન અથવા ઉચ્ચક પગારથી જો કોઈ સિનિયર સેવા નિવૃત્ત પ્રોફેસર મળે તો તેમની સેવાને અગ્રિમતા આપવી. આ બંને જગ્યાઓ ભરવા ઘટતી વહીવટી જરૂરી કામગીરી કરી, નિમણુંક કરવા માટેની જરૂરી સત્તા માનનીય કુલપતિશ્રીને આપવામાં આવે છે.**

૩૨. તા. ૦૬ – ૦૪ – ૨૦૧૦ની પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની બાબત ક્રમાંક : – ૨, ૩, ૪, ૫ અને ૧૦ પર વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, તા. ૦૬ – ૦૪ – ૨૦૧૦ની પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની ભલામણ ક્રમાંક : ૨, ૩ , ૪, ૫ અને ૧૦ને નીચે મુજબ મંજૂર કરવી.**

૨. યુનિવર્સિટી કેમ્પસ ખાતે બંધાનાર સમાજ વિજ્ઞાન ભવનના એક્ષટેન્સનના મકાન માટે મળેલ ટેન્ડરો પર વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસ ખાતે બંધાનાર સમાજ વિજ્ઞાન ભવનના એક્ષટેન્સનના મકાન માટે મળેલ ટેન્ડરો પર ચર્ચા વિચારણા કરતા સૌથી ઓછા ભાવ ભરનાર મે. એ. એ. બામ્ભરોલીયા, સુરતનું કુલ રૂા. ૭૮,૦૬,૩૮૪.૩૩ પૈસાનું ટેન્ડર મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસ ખાતે બંધાનાર સમાજ વિજ્ઞાન ભવનના એક્ષટેન્સનના મકાન માટે મળેલ ટેન્ડરો પર ચર્ચા વિચારણા કરતા સૌથી ઓછા ભાવ ભરનાર મે. એ. એ. બામ્ભરોલીયા, સુરત સાથે નેગોસિએશન કરતાં કુલ રૂા. ૭૮,૦૬,૩૮૪.૩૩ પૈસાનું ટેન્ડર એક (૧) ટકા ઘટાડાથી મંજૂર કરવું.**

૩. યુનિવર્સિટી કેમ્પસ ખાતે બંધાનાર એચ. આર. ડી. ભવનના એક્ષટેન્સનના મકાન માટે મળેલ ટેન્ડરો પર વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસ ખાતે બંધાનાર એચ.આર.ડી. ભવનના એક્ષટેન્સનના મકાન માટે મળેલ ટેન્ડરો ચર્ચા વિચારણા કરતા સૌથી ઓછા ભાવ ભરનાર મે. એ. એ. બામ્ભરોલીયા, સુરતનું કુલ રૂા.૮૪,૫૮,૨૨૦.૫૫ પૈસાનું ટેન્ડર મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસ ખાતે બંધાનાર એચ.આર.ડી. ભવનના એક્ષટેન્સનના મકાન માટે મળેલ ટેન્ડરો ચર્ચા વિચારણા કરતા સૌથી ઓછા ભાવ ભરનાર મે. એ. એ. બામ્ભરોલીયા, સુરત સાથે નેગોસિએશન કરતાં કુલ રૂા. ૮૪,૫૮,૨૨૦.૫૫ પૈસાનું ટેન્ડર એક (૧) ટકા ઘટાડાથી મંજૂર કરવું.**

૪. યુનિવર્સિટી કેમ્પસ ખાતે બંધાનાર શ્રીમદ રાજચંદ્ર પ્રાર્થના હોલ માટે મળેલ ટેન્ડરો પર વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસ ખાતે બંધાનાર શ્રીમદ રાજચંદ્ર પ્રાર્થના હોલ માટે મળેલ ટેન્ડરોના ચર્ચા વિચારણા કરતા સૌથી ઓછા ભાવ ભરનાર મે. એ. એ. બામ્ભરોલીયા, સુરતનું કુલ રૂા. ૬૬,૮૨,૨૮૭.૬૪ પૈસાનું ટેન્ડર મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

**:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસ ખાતે બંધાનાર શ્રીમદ રાજચંદ્ર પ્રાર્થના હોલ માટે મળેલ ટેન્ડરોના ચર્ચા વિચારણા કરતા સૌથી ઓછા ભાવ ભરનાર મે. એ. એ. બામ્ભરોલીયા, સુરત સાથે નેગોસિએશન કરતા કુલ રૂા. ૬૬,૮૨,૨૮૭.૬૪ પૈસાનું ટેન્ડર એક (૧) ટકા ઘટાડાથી મંજૂર કરવું.**

૫. યુનિવર્સિટી કેમ્પસ ખાતે સને : ૨૦૧૦–૧૧ના વર્ષ માટે વાર્ષિક ધોરણે વિવિધ બગીચાઓની જાળવણી અને વિકાસ કરવાના કામના મળેલ ટેન્ડરો પર વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસ ખાતે સને : ૨૦૧૦–૧૧ના વર્ષ માટે વાર્ષિક ધોરણે વિવિધ બગીચાઓની જાળવણી અને વિકાસ કરવાના કામના મળેલ ટેન્ડર પર ચર્ચા વિચારણા કરતા સૌથી ઓછા ભાવ ભરનાર મે. વિષ્ણું ફાર્મ એન્ડ નર્સરી, ધમડાછાનું હેડ માળી – ૧ પ્રતિ વ્યકિતના પ્રતિ માસ રૂા. ૩,૫૦૦/– અને માળી – ૨૫ વ્યકિત માટે પ્રતિ વ્યકિતના પ્રતિ માસ રૂા. ૩,૩૦૦/– લેખે માસિક રૂા. ૮૬,૦૦૦/– જયારે બાર માસના વાર્ષિક કુલ રૂા. ૧૦,૩૨,૦૦૦.૦૦ નું ટેન્ડર મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

**:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસ ખાતે સને : ૨૦૧૦–૧૧ના વર્ષ માટે વાર્ષિક ધોરણે વિવિધ બગીચાઓની જાળવણી અને વિકાસ કરવાના કામના મળેલ ટેન્ડર પર ચર્ચા વિચારણા કરતા સૌથી ઓછા ભાવ ભરનાર મે. વિષ્ણું ફાર્મ એન્ડ નર્સરી, ધમડાછાનું હેડ માળી – ૧ પ્રતિ વ્યકિતના પ્રતિ માસ રૂા. ૩,૫૦૦/– અને માળી – ૨૫ વ્યકિત માટે પ્રતિ વ્યકિતના પ્રતિ માસ રૂા. ૩,૩૦૦/– લેખે માસિક રૂા. ૮૬,૦૦૦/– જયારે બાર માસના વાર્ષિક કુલ રૂા. ૧૦,૩૨,૦૦૦.૦૦ નું ટેન્ડર મંજૂર કરવું.**

૧૦. યુનિવર્સિટી કેમ્પસના સુવિધા કેન્દ્ર ખાતે આવેલ યુનિવર્સિટીની દુકાનો ૧૧ માસના લીઝ એગ્રીમેન્ટથી ભાડે આપવાના કામના મળેલ ટેન્ડરો પર વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસના સુવિધા કેન્દ્ર ખાતે યુનિવર્સિટીની દુકાનો ૧૧ માસના લીઝ એગ્રીમેન્ટથી ભાડે આપવાના કામ માટે મળેલ ટેન્ડરો પર સઘન ચર્ચા વિચારણા કરતા દુકાન ભાડે રાખવા ટેન્ડર ભરનાર પાર્ટીઓને કમિટી સમક્ષ રૂબરૂ બોલાવવામાં આવ્યા હતા. જે પૈકી નીચે મુજબની પાર્ટીઓ દ્વારા મૌખિક રીતે નીચે મુજબનો ભાવ વધારો આપવા સંમતિ આપી હતી તેમને દુકાન ફાળવવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે. જયારે દુકાન ભાડે રાખવા ટેન્ડર ભરનાર આત્મીય ઝેરોક્ષ સેન્ટર એન્ડ જનરલ શોપ, સુરત અને પ્રથમ હેર કટીંગ સેલૂન, સુરતને દુકાન ભાડે આપવા ભાડુ નક્કી કરવાની સત્તા મા. કુલપતિશ્રીને આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

| દુકાન ભાડે રાખનારનું નામ | ટેન્ડરમાં ભરેલ ભાડાની રકમ (રૂા.) | કમિટી સમક્ષ ભાવ વધારો કરી આપેલ સંમતિ સાથેની રકમ (રૂા) |
|---|---|---|
| અમુલ બેકરી, સુરત | ૩,૨૫૧.૦૦ | ૪,૦૦૦.૦૦ |
| સાગર ડેરી ફાર્મ, સુરત | ૩,૨૫૧.૦૦ | ૪,૦૦૦.૦૦ |
| બાલાજી ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ, સુરત | ૩,૩૦૦.૦૦ | ૪,૦૦૦.૦૦ |
| સ્વામી નારાયણ જયુસ એન્ડ રેસ્ટોરન્ટ, સુરત | ૩,૨૨૧.૦૦ | ૪,૦૦૦.૦૦ |
| બાબા સાંઈ ફાસ્ટ ફૂડ, સુરત | ૩,૫૦૧.૦૦ | ૪,૦૦૦.૦૦ |
| રાજ કાફે, સુરત | ૪,૦૦૦.૦૦ | ૪,૦૦૦.૦૦ |
| એજીટેરીયન કાફે, સુરત | ૩,૬૦૦.૦૦ | ૪,૦૦૦.૦૦ |

**:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત અમુલ બેકરી, સુરત, સાગર ડેરી ફાર્મ, સુરત, બાલાજી ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ, સુરત, સ્વામી નારાયણ જયુસ એન્ડ રેસ્ટોરન્ટ, સુરત, બાબા સાંઈ ફાસ્ટ ફૂડ, સુરત, રાજ કાફે, સુરત, એજીટેરીયન કાફે, સુરતના દુકાન ભાડે રાખવાનાં ટેન્ડરો મંજૂર કરવાં.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, હેરકટીંગની દુકાન ખાલી કરાવવી અને તે જગ્યા ઉપરોકત દુકાનદારો પૈકી કોઈની માંગણી હોઈ તો તે ભાડે માંગે તો તે જગ્યા રૂા. ૪,૦૦૦/– દરે ભાડે આપવી તથા એસ. ટી. ડી. વાળા દુકાનદાર ફીઝીકલ હેન્ડીકેપ હોઈ તેને ૨૦ ટકા રાહતથી રૂા. ૩૨૦૦/–ના દરે દુકાન ભાડે આપવી.**

૩૩. એમ. એસી. કેમેસ્ટ્રી (ઈવનીગ) સ્વનિર્ભર કોર્ષની વાર્ષિક ફી રૂા. ૧૫૦૦૦/– લેવામાં આવે છે. વિભાગના અન્ય સ્વનિર્ભર અભ્યાસક્રમો જેવા કે ઈન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રી, ફાર્માસ્યુટીકલ કેમેસ્ટ્રી અને એન્વાયરમેન્ટલ કેમેસ્ટ્રીમાં લેવામાં આવતી વાર્ષિક ફી રૂા. ૨૫૦૦૦/– લેવામાં આવતી હોય જે મુજબજ એમ. એસસી કેમેસ્ટ્રી (ઈવનીગ) ની વાર્ષિક ફી રૂા. ૨૫૦૦૦/– લેવા, કેમેસ્ટ્રી વિભાગના વડાશ્રી દ્વારા તેમના તા. ૨૯ – ૩ – ૨૦૧૦ના પત્ર ક્રમાંક કેમેસ્ટ્રી / ૧૭૯૪/ ૨૦૧૦થી વિનંતી કરેલ હોય જે પર વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતને મંજૂર કરવી.**

૩૪. મેડીકલ ફેકલ્ટીના ડીનશ્રી ડૉ. મહેન્દ્રસિંહ ડી. ચૌહાણના તા.૧૬/ ૦૩ / ૨૦૧૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(પરીક્ષા (કોન્વોકેશન બ્રાંચ))

:: **આથી ઠરાવવામાં આવે છે કે, મેડીકલ સર્ટીફીકેટ માટે (૧) આ. ડૉ. વિક્રમભાઈ દેસાઈ (૨) ડૉ. મહેન્દ્ર ડી. ચૌહાણ પાસે પ્રમાણપત્રનો ડ્રાફટ કરાવવો અને તે મંજૂર થયેલા પ્રમાણપત્રની ફી રૂા. ૫૦૦/– લેવી.**

૩૫. હાલમાં ડુપ્લીકેટ માર્કશીટ કઢાવવા માટેના દર નીચે મુજબ છે.

(૧) ચાલુ વર્ષની માર્કશીટ માટે રૂા. ૧૦/– (માર્કશીટ દીઠ)

(૨) માર્કશીટ ઈસ્યુ થયાની તારીખથી ૩ વર્ષ સુધીની માર્કશીટ દીઠ રૂા. ૨૦/–

(૩) માર્કશીટ ઈસ્યુ થયાની તારીખથી ૩ વર્ષ વધુ હોય તો માર્કશીટ દીઠ રૂા. ૩૦/–

ઉપરોકત દરોમાં કોઈ સુધારો – વધારો કરવો કે કેમ ? તે અંગે વિચારણા કરવા બાબતઃ

(પરીક્ષા )

:: **આથી ઠરાવવામાં આવે છે કે, હાલમાં ડુપ્લીકેટ માર્કશીટ કઢાવવા માટેના દર નીચે મુજબ રાખવા.**

**(૧) ચાલુ વર્ષની માર્કશીટ માટે રૂા. ૩૦/– (માર્કશીટ દીઠ)**

**(૨) માર્કશીટ ઈસ્યુ થયાની તારીખથી ૩ વર્ષ સુધીની માર્કશીટ દીઠ રૂા. ૩૦/–**

**(૩) માર્કશીટ ઈસ્યુ થયાની તારીખથી ૩ વર્ષ વધુ હોય તો માર્કશીટ દીઠ રૂા. ૩૦/–**

૩૬. અમારા બાયોસાયન્સીઝ વિભાગ તરફથી **"Medicinal Plants : A Promising Resource of the Country "** વિષય ઉપર બે દિવસનો નેશનલ સિમ્પોઝિયમ આગામી તા.૯–૧૦ જૂન,૨૦૧૦ના રોજ યુનિવર્સિટી કેમ્પસ ખાતે યોજવા નકકી કર્યુ છે.

ઉપરોકત **"Medicinal Plants : A Promising Resource of the Country "** વિષય ઉપર યોજવાના બે દિવસના નેશનલ સિમ્પોઝિયમ અંગે નીચે મુજબ મુદ્દાઓ ઉપર વિચારણા કરવા બાબત.

**૧. પ્રપોઝલ તથા બજેટ એસ્ટીમેટ આ સાથે રજૂ કર્યા છે. જે વિચારણામાં લઈ અમોને સદર બે દિવસના સિમ્પોઝિયમ તા. ૯–૧૦ જૂન,૨૦૧૦ના રોજ યુનિવર્સિટી કેમ્પસ ખાતે યોજવા મંજૂરી આપવા તથા રજૂ કરેલ બજેટ એસ્ટીમેટ અનુસાર અંદાજે રૂા.૩,૫૫,૦૦૦/– નું ખર્ચ કરવા મંજૂરી આપવા બાબત.**

**૨. સદર સિમ્પોઝિયમ માટે થનાર ખર્ચ પેટે નીચે મુજબ સંસ્થાઓ / વ્યકતી પાસેથી ફંડ મેળવવા બાબત.**

**(1) UGC Unassigned Grant**
**UGC Grant for Advanced Post Graduate Diploma In Medicinal Plants under The Innovative Programme - Teaching & Research Interdisciplinary & Emerging Areas.**

**(2) ISM - Indian System of Medicine.**

**(3) DST - Department of Science & Technology.**

**(4) CSIR - Council for Scientific and Industrial Research.**

**(5) Registration Fees.**

**(6) Sponsorers & Donars.**

**૩. સદર સિમ્પોઝિયમ અંગે યુનિયન બેંક ઓફ ઈન્ડિયા, વેસુ શાખામાં અલગથી કુલસચિવ તથા ઓર્ગેનાઈઝિંગ સેક્રેટરીના બે નામોનુ જોઈન્ટ સેવિંગ્ઝ ખોલવા તથા આ ખાતુ કુલસચિવ તથા ઓર્ગેનાઈઝિંગ સેક્રેટરીની ભેગી સહીંથી ઓપરેટ કરવું.**

(બાયોસાયન્સ)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતને મંજૂર કરવી.**

૩૭. **આર્ટસ ફેકલ્ટીનાં મનોવિજ્ઞાન વિષયમાં પીએચ.ડી. નાં માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા એમ.ટી.બી. આર્ટસ કોલેજ, સુરતનાં વ્યાખ્યાતા ડો. રૂદ્રેશકુમાર મુલશંકર વ્યાસની અરજી સંદર્ભમાં સંશોધન પેપર્સનો અહેવાલ આપવા માટેમા.કુલપતિશ્રી દ્વારા નીમાયેલ બે નિર્ણાયકો (ડો. સવિતાબેન વાઘેલા–ભાવનગર અને ડો. અશ્વિનભાઈ જનસરી–અમદાવાદ) ના હકારાત્મક અહેવાલ / રિપોર્ટ પર બી.યુ.ટી. તા.૨–૩–૨૦૧૦ ની ભલામણ નં. ૨ અને એકેડેમિક કાઉન્સિલની તા.૮–૩–૨૦૧૦ ની ભલામણ નં. ૧૨૪ પરત્વે વિચારણા કરવા બાબત.**

**<u>બી.યુ.ટી. ની તા. ૨–૩–૨૦૧૦ ની ભલામણ નં. ૨</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, મનોવિજ્ઞાન વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષકની માન્યતા આપવા અંગેની M.T.B. Arts કોલેજ સુરતના વ્યાખ્યાતા ડૉ. રૂદ્રેસ કુમાર મુલશંકર વ્યાસની અરજી ગ્રાહ્ય રાખવી તથા તે પરત્વે મા.કુલપતિ દ્વારા નિમાયેલા બે નિર્ણાયકોનો અહેવાલ હકારાત્મક હોય તે સ્વીકારી ડૉ. રૂદ્રેસ કુમાર મુલશંકર વ્યાસને આર્ટ્સ ફેકલ્ટીના મનોવિજ્ઞાન વિષયના પી.એચ.ડી.ના માર્ગ દર્શક શિક્ષક તરીકે જુન ૨૦૧૦ થી માન્યતા આપવા એકેડેમીક કાઉન્સિલને ભલામણ કરવી.

**<u>એકેડેમિક કાઉન્સિલની તા.૮–૩–૨૦૧૦ ની ભલામણ નં. ૧૨૪</u>**

: : આથી ઠરાવવામાં આવે છે કે, મનોવિજ્ઞાન વિષયમાં પીએચ.ડી.નાં માર્ગદર્શક શિક્ષકની માન્યતા આપવા અંગેની M.T.B. Arts કોલેજ સુરતના વ્યાખ્યાતા ડૉ. રૂદ્રેસકુમાર મુલશંકર વ્યાસની અરજી ગ્રાહય રાખવી તથા તે પરત્વે મા.કુલપતિશ્રી ધ્વારા નિમાયેલા બે નિર્ણાયકોનો અહેવાલ હકારાત્મક હોય તે સ્વીકારી ડૉ. રૂદ્રેસકુમાર મુલશંકર વ્યાસને આર્ટસ ફેકલ્ટીનાં મનોવિજ્ઞાન વિષયનાં પીએચ.ડી.નાં માર્ગદર્શક શિક્ષક તરીકે જૂન – ૨૦૧૦ થી માન્યતા આપવાની ભલામણ સ્વીકારવી અને મંજૂરી આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા. ૮ – ૩ – ૨૦૧૦ ની ભલામણ નં. ૧૨૪ને યથાવત મંજૂર કરવી.**

૩૮. આર્ટસ ફેકલ્ટીનાં સંસ્કૃત વિષયમાં પીએચ.ડી. નાં માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા શ્રી જે.પી. શ્રોફ આર્ટસ કોલેજ, વલસાડનાં વ્યાખ્યાતા ડો. એચ.એ. પરમારની અરજી સંદર્ભમાં સંશોધન પેપર્સનો અહેવાલ આપવા માટે મા.કુલપતિશ્રી દ્વારા નીમાયેલ બે નિર્ણાયકો (ડો. એમ.કે. મોલીયા–રાજકોટ અને ડો. આર.કે. પાંડા–વડોદરા) ના અહેવાલ / રિપોર્ટ કાર્યાલયને મળેલ છે. જે પૈકી ડો. આર.કે. પાંડા–વડોદરાનો અહેવાલ <u>નકારાત્મક</u> હોઈ પેનલ પરથી મા.કુલપતિશ્રી દ્વારા નવાં એક નિર્ણાયક (ડો.મીના પી. પાઠક – વડોદરા) ની નિમણૂંક કરવામાં આવેલ જેનો <u>હકારાત્મક</u> અહેવાલ / રિપોર્ટ કાર્યાલયને મળેલ છે. પ્રસ્તુત ત્રણ રિપોર્ટો (એક નકારાત્મક અને બે હકારાત્મક) પર બી.યુ.ટી. તા.૨–૩–૨૦૧૦ ની ભલામણ નં. ૫ અને એકેડેમિક કાઉન્સિલની તા.૮–૩–૨૦૧૦ ની ભલામણ નં. ૧૨૫ પરત્વે વિચારણા કરવા બાબત.

## <u>બી.યુ.ટી. ની તા. ૨–૩–૨૦૧૦ ની ભલામણ નં. ૫</u>

: : આથી ઠરાવવામાં આવે છે કે, સંસ્કૃત વિષય માં પી.એચ.ડી.ના માર્ગદર્શક શિક્ષકની માન્યતા આપવા અંગેની જે.પી.શ્રોફ આર્ટ્સ કોલેજ વલસાડના વ્યાખ્યાતા ર્ડા.એચ. એ.પરમાર ની અરજી ગ્રાહ્ય રાખવી તથા તે પરત્વે માં.કુલપતિશ્રી દ્વારા નિમાયેલા બે નિર્ણાયકોનો અહેવાલ હકારાત્મક હોય તે સ્વીકારી ર્ડા.એચ. એ.પરમાર ને આર્ટ્સ ફેકલ્ટીના સંસ્કૃત વિષયના પી.એચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકે જુન ૨૦૧૦ થી માન્યતા આપવા એકેડેમીક કાઉન્સિલને ભલામણ કરવી.

## <u>એકેડેમિક કાઉન્સિલની તા.૮–૩–૨૦૧૦ ની ભલામણ નં. ૧૨૫</u>

: : આથી ઠરાવવામાં આવે છે કે, સંસ્કૃત વિષયમાં પીએચ.ડી.નાં માર્ગદર્શક શિક્ષકની માન્યતા આપવા અંગેની જે.પી. શ્રોફ આર્ટસ કોલેજ વલસાડના વ્યાખ્યાતા ર્ડા. એચ.એ. પરમારની અરજી ગ્રાહય રાખવી તથા તે પરત્વે મા.કુલપતિશ્રી ધ્વારા નિમાયેલા બે નિર્ણાયકોનો અહેવાલ હકારાત્મક હોય તે સ્વીકારી ર્ડા. એચ.એ. પરમારને આર્ટસ ફેકલ્ટીનાં સંસ્કૃત વિષયનાં પી.એચ.ડી.નાં માર્ગદર્શંક શિક્ષક તરીકે જૂન – ૨૦૧૦ થી માન્યતા આપવાની ભલામણ સ્વીકારવી અને મંજૂરી આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

(અનુસ્નાતક)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા. ૮ – ૩ – ૨૦૧૦ ની ભલામણ નં. ૧૨૫ને યથાવત મંજૂર કરવી.**

૩૯. **સાયન્સ ફેકલ્ટીનાં બાયોસાયન્સ વિષયમાં પીએચ.ડી. નાં માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા નેશનલ રિસર્ચ સેન્ટર ફોર મેડિકલ એન્ડ એરોમેટીક પ્લાન્ટસ, બોરિયાવી, જિ. આણંદ (એકેડેમિક કાઉન્સિલ તા.૫–૫–૨૦૦૯ ની સભાની બાબત નં. ૧ મુજબ ડિપાર્ટમેન્ટ ઓફ બાયોસાયન્સ સાથે ભાગીદારી કરારને સ્વીકૃતિ મળેલ છે) ના ડાયરેકટર ડો. સત્યબ્રાતા મૈતીની અરજી સંદર્ભમાં સંશોધન પેપર્સનો અહેવાલ આપવા માટે મા.કુલપતિશ્રી દ્વારા નીમાયેલ બે નિર્ણાયકો (ડો. એ.એસ. રેડ્ડી–વલ્લભ વિદ્યાનગર અને ડો. બી.કે. જૈન–અમદાવાદ) ના હકારાત્મક અહેવાલ / રિપોર્ટ પર બી.યુ.ટી. તા.૨–૩–૨૦૧૦ ની ભલામણ નં. ૬ અને એકેડેમિક કાઉન્સિલની તા.૮–૩–૨૦૧૦ ની ભલામણ નં. ૧૨૬ પરત્વે વિચારણા કરવા બાબત.**

**<u>બી.યુ.ટી. ની તા. ૨–૩–૨૦૧૦ ની ભલામણ નં. ૬</u>**

: : આથી ઠરાવવામાં આવે છે કે, સાયન્સ ફેકલ્ટીના બાયોસાયન્સ વિષય માં પી.એચ.ડી.ના માર્ગદર્શક શિક્ષકની માન્યતા આપવા અંગેની **નેશનલ રિસર્ચ સેન્ટર ફોર મેડિકલ એન્ડ એરોમેટીક પ્લાન્ટસ, બોરિયાવી, જિ. આણંદના** ડાયરેકટર ડો. **સત્યબ્રાતા મૈતીની** અરજી ગ્રાહ્ય રાખવી તથા તે પરત્વે મા.કુલપતિશ્રી દ્વારા નિમાયેલા બે નિર્ણાયકોનો અહેવાલ હકારાત્મક હોય તે સ્વીકારી ડાં.**સત્યબ્રાતા મૈતીની** ને સાયન્સ ફેકલ્ટીના બાયોસાયન્સ વિષયના પી.એચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકે જુન ૨૦૧૦ થી માન્યતા આપવા એકેડેમીક કાઉન્સિલને ભલામણ કરવી

**<u>એકેડેમિક કાઉન્સિલની તા.૮–૩–૨૦૧૦ ની ભલામણ નં. ૧૨૬</u>**

: : આથી ઠરાવવામાં આવે છે કે, સાયન્સ ફેકલ્ટીના બાયોસાયન્સ વિષયમાં પી.એચ.ડી.નાં માર્ગદર્શક શિક્ષકની માન્યતા આપવા અંગેની નેશનલ રિસર્ચ સેન્ટર ફોર મેડિકલ એન્ડ એરોમેટીક પ્લાન્ટસ, બોરિયાવી, જિ. આણંદના ડાયરેકટર ડાં. સત્યબ્રાતા મૈતીની અરજી ગ્રાહય રાખવી તથા તે પરત્વે મા.કુલપતિશ્રી ધ્વારા નિમાયેલા બે નિર્ણાયકોનો અહેવાલ હકારાત્મક હોય તે સ્વીકારી ડાં. સત્યબ્રાતા મૈતીને સાયન્સ ફેકલ્ટીનાં બાયોસાન્સ વિષયનાં પી.એચ.ડી.નાં માર્ગદર્શક શિક્ષક તરીકે જૂન – ૨૦૧૦થી માન્યતા આપવાની ભલામણ સ્વીકારવી અને મંજૂરી આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

(અનુસ્નાતક)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા. ૮ – ૩ – ૨૦૧૦ ની ભલામણ નં. ૧૨૬ને યથાવત મંજૂર કરવી.**

૪૦. એજયુકેશન ફેકલ્ટીનાં એજયુકેશન વિષયમાં પીએચ.ડી. નાં માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા વીટી. ચોકસી સાર્વજનિક કોલેજ ઓફ એજયુકેશન, સુરતના વ્યાખ્યાતા ડો. વી.કે. સેવકની અરજી સંદર્ભમાં સંશોધન પેપર્સનો અહેવાલ આપવા માટે મા.કુલપતિશ્રી દ્વારા નીમાયેલ બે નિર્ણાયકો (ડો. બી.એસ. પટેલ–ભૂજ અને ડો. એ.પી. કસવેકર–અમદાવાદ) ના હકારાત્મક અહેવાલ / રિપોર્ટ પર બી.યુ.ટી. તા.ર–૩–ર૦૧૦ ની ભલામણ નં. ૭ અને એકેડેમિક કાઉન્સિલની તા.૮–૩–ર૦૧૦ ની ભલામણ નં. ૧ર૭ પરત્વે વિચારણા કરવા બાબત.

**<u>બી.યુ.ટી. ની તા. ર–૩–ર૦૧૦ ની ભલામણ નં. ૭</u>**

: : આથી ઠરાવવામાં આવે છે કે, એજયુકેશન ફેકલ્ટીના એજયુકેશન વિષય માં **વી. ટી. ચોકસી સાર્વજનિક કોલેજ ઓફ એજયુકેશન, સુરતના વ્યાખ્યાતા ડો. વી.કે. સેવકની** પી.એચ.ડી.ના માર્ગદર્શક શિક્ષકની માન્યતા આપવા અંગેની અરજી ગ્રાહ્ય રાખવી તથા તે પરત્વે માં. કુલપતિ દ્વારા નિમાયેલા બે નિર્ણાયકોનો અહેવાલ હકારાત્મક હોય તે સ્વીકારી ર્ડા **વી.કે. સેવક** નેએજયુકેશન ફેકલ્ટીના એજયુકેશન વિષય ના પી.એચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકે જુન ર૦૧૦ થી માન્યતા આપવા એકેડેમીક કાઉન્સિલ ને ભલામણ કરવી.

**<u>એકેડેમિક કાઉન્સિલની તા.૮–૩–ર૦૧૦ ની ભલામણ નં. ૧ર૭</u>**

: : આથી ઠરાવવામાં આવે છે કે, એજયુકેશન ફેકલ્ટીનાં એજયુકેશન વિષયમાં પી.એચ.ડી.નાં માર્ગદર્શક શિક્ષકની માન્યતા આપવા અંગેની વી.ટી. ચોકસી સાર્વજનિક કોલેજ ઓફ એજયુકેશન, સુરતનાં વ્યાખ્યાતા ર્ડા. વી. કે. સેવકની અરજી ગ્રાહય રાખવી તથા તે પરત્વે મા.કુલપતિશ્રી ધ્વારા નિમાયેલા બે નિર્ણાયકોનો અહેવાલ હકારાત્મક હોય તે સ્વીકારી ર્ડા. વી. કે. સેવકને એજયુકેશન ફેકલ્ટીનાં એજયુકેશન વિષયનાં પી.એચ.ડી.નાં માર્ગદર્શક શિક્ષક તરીકે જૂન – ર૦૧૦થી માન્યતા આપવાની ભલામણ સ્વીકારવી અને મંજૂરી આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા. ૮ – ૩ – ર૦૧૦ ની ભલામણ નં. ૧ર૭ને યથાવત મંજૂર કરવી.**

૪૧. **એજયુકેશન ફેકલ્ટીનાં એજયુકેશન વિષયમાં પીએચ.ડી. નાં માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા શ્રી રંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરાના વ્યાખ્યાતા ડો. કિશોરકુમાર આર. નાયકની અરજી સંદર્ભમાં સંશોધન પેપર્સનો અહેવાલ આપવા માટે મા.કુલપતિશ્રી દ્વારા નીમાયેલ બે નિર્ણાયકો (ડો. બી.એસ. પટેલ–ભૂજ અને ડો. એ.પી. કસવેકર–અમદાવાદ) ના હકારાત્મક અહેવાલ / રિપોર્ટ પર બી.યુ.ટી. તા.૨–૩–૨૦૧૦ ની ભલામણ નં. ૮ અને એકેડેમિક કાઉન્સિલની તા.૮–૩–૨૦૧૦ ની ભલામણ નં. ૧૨૮ પરત્વે વિચારણા કરવા બાબત.**

**<u>બી.યુ.ટી. ની તા. ૨–૩–૨૦૧૦ ની ભલામણ નં. ૮</u>**

: : આથી ઠરાવવામાં આવે છે કે, એજયુકેશન ફેકલ્ટીના એજયુકેશન વિષયમાં **શ્રી રંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરાના વ્યાખ્યાતા ડો. કિશોરકુમાર આર. નાયક ની** પી.એચ.ડી.ના માર્ગ- દર્શક શિક્ષકની માન્યતા આપવા અંગેની અરજી ગ્રાહ્ય રાખવી તથા તે પરત્વે મા.કુલપતિ દ્વારા નિમાયેલા બે નિર્ણાયકોનો અહેવાલ હકારાત્મક હોય તે સ્વીકારી ર્ડા **કિશોરકુમાર આર. નાયક** ને એજયુકેશન ફેકલ્ટીના એજયુકેશન વિષયના પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકે જુન ૨૦૧૦ થી માન્યતા આપવા એકેડેમીક કાઉન્સિલ ને ભલામણ કરવી.

**<u>એકેડેમિક કાઉન્સિલની તા.૮–૩–૨૦૧૦ ની ભલામણ નં. ૧૨૮</u>**

: : **આથી ઠરાવવામાં આવે છે કે, એજયુકેશન ફેકલ્ટીનાં એજયુકેશન વિષયમાં પી.એચ.ડી.નાં માર્ગદર્શક શિક્ષકની માન્યતા આપવા અંગેની શ્રી રંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરાનાં વ્યાખ્યાતા ર્ડા. કિશોરકુમાર આર. નાયકની અરજી ગ્રાહય રાખવી તથા તે પરત્વે મા. કુલપતિશ્રી ધ્વારા નિમાયેલા બે નિર્ણાયકોનો અહેવાલ હકારાત્મક હોય તે સ્વીકારી ર્ડા. કિશોરકુમાર આર. નાયકને એજયુકેશન ફેકલ્ટીનાં એજયુકેશન વિષયનાં પી.એચ.ડી.નાં માર્ગદર્શક શિક્ષક તરીકે જૂન – ૨૦૧૦ થી માન્યતા આપવાની ભલામણ સ્વીકારવી અને મંજૂરી આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા. ૮ – ૩ – ૨૦૧૦ ની ભલામણ નં. ૧૨૮ને યથાવત મંજૂર કરવી.**

૪૨. **સાયન્સ અને કોમર્સ ફેકલ્ટીનાં સ્ટેટીસ્ટીકસ વિષયમાં પીએચ.ડી. નાં માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરતનાં વ્યાખ્યાતા ડો. પી.એમ. પટેલની અરજી સંદર્ભમાં સંશોધન પેપર્સનો અહેવાલ આપવા માટે મા.કુલપતિશ્રી દ્વારા નીમાયેલ બે નિર્ણાયકો (ડો. એમ.એન. પટેલ–અમદાવાદ અને ડો. ડી.કે. ઘોષ–રાજકોટ) ના હકારાત્મક અહેવાલ / રિપોર્ટ પર બી.યુ.ટી. તા.૨–૩–૨૦૧૦ ની ભલામણ નં. ૯ અને એકેડેમિક કાઉન્સિલની તા.૮–૩–૨૦૧૦ ની ભલામણ નં. ૧૨૯ પરત્વે વિચારણા કરવા બાબત.**

**<u>બી.યુ.ટી. ની તા. ૨–૩–૨૦૧૦ ની ભલામણ નં. ૯</u>**

: : આથી ઠરાવવામાં આવે છે કે, સાયન્સ અને કોમર્સ ફેકલ્ટીના સ્ટેટીસ્ટીકસ વિષય માં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષકની માન્યતા આપવા અંગેની **સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરતનાં વ્યાખ્યાતા ડો. પી.એમ. પટેલની** અરજી ગ્રાહ્ય રાખવી તથા તે પરત્વે મા.કુલપતિ દ્વારા નિમાયેલા બે નિર્ણાયકોનો અહેવાલ હકારાત્મક હોય તે સ્વીકારી ડૉ.**પી.એમ. પટેલની** ને સાયન્સ અને કોમર્સ ફેકલ્ટીના સ્ટેટીસ્ટીકસ વિષયના પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકે જુન ૨૦૧૦ થી માન્યતા આપવા એકેડેમીક કાઉન્સિલને ભલામણ કરવી.

**<u>એકેડેમિક કાઉન્સિલની તા.૮–૩–૨૦૧૦ ની ભલામણ નં. ૧૨૯</u>**

: : આથી ઠરાવવામાં આવે છે કે, સાયન્સ અને કોમર્સ ફેકલ્ટીનાં સ્ટેટીસ્ટીકસ વિષયમાં પી.એચ.ડી.નાં માર્ગદર્શક શિક્ષકની માન્યતા આપવા અંગેની સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરતનાં વ્યાખ્યાતા ડૉ. પી.એમ.પટેલની અરજી ગ્રાહય રાખવી તથા તે પરત્વે મા.કુલપતિશ્રી ધ્વારા નિમાયેલા બે નિર્ણાયકોનો અહેવાલ હકારાત્મક હોય તે સ્વીકારી ડૉ. પી.એમ. પટેલને સાયન્સ અને કોમર્સ ફેકલ્ટીનાં સ્ટેટીસ્ટીકસ વિષયનાં પી.એચ.ડી.નાં માર્ગદર્શક શિક્ષક તરીકે જૂન – ૨૦૧૦થી માન્યતા આપવાની ભલામણ સ્વીકારવી અને મંજૂરી આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા. ૮ – ૩ – ૨૦૧૦ ની ભલામણ નં. ૧૨૯ને યથાવત મંજૂર કરવી.**

૪૩. **આર્ટસ ફેકલ્ટીનાં અર્થશાસ્ત્ર વિષયમાં પીએચ.ડી. નાં માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા એસ.આર. ઈન્સ્ટીટયૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર એપ્લિકેશન, સુરતના આસિસ્ટન્ટ પ્રોફેસર ડો. પ્રશાંત મહેશચંદ્ર જોષીની અરજી સંદર્ભમાં સંશોધન પેપર્સનો અહેવાલ આપવા માટે મા.કુલપતિશ્રી દ્વારા નીમાયેલ બે નિર્ણાયકો (ડો. એચ.પી. ત્રિવેદી–વલ્લભવિદ્યાનગર અને ડો. એ.એસ. રાવ–વડોદરા) ના હકારાત્મક અહેવાલ / રિપોર્ટ પર બી.યુ.ટી. તા.૨–૩–૨૦૧૦ ની ભલામણ નં. ૧૦ અને એકેડેમિક કાઉન્સિલની તા.૮–૩–૨૦૧૦ ની ભલામણ નં. ૧૩૦ પરત્વે વિચારણા કરવા બાબત.**

**<u>બી.યુ.ટી. ની તા. ૨–૩–૨૦૧૦ ની ભલામણ નં. ૧૦</u>**

: : આથી ઠરાવવામાં આવે છે કે, અર્થશાસ્ત્ર વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષકની માન્યતા આપવા અંગેની **એસ.આર. ઈન્સ્ટીટયૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર એપ્લિકેશન, બારડોલીના આસિસ્ટન્ટ પ્રોફેસર ડો. પ્રશાંત મહેશચંદ્ર જોષી** ની અરજી ગ્રાહ્ય રાખવી તથા તે પરત્વે માં. કુલપતિ દ્વારા નિમાયેલા બે નિર્ણાયકોનો અહેવાલ હકારાત્મક હોય તે સ્વીકારી **આસિસ્ટન્ટ પ્રોફેસર ડો. પ્રશાંત મહેશચંદ્ર જોષી** આર્ટ્સ ફેકલ્ટીના અર્થશાસ્ત્ર વિષયના પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકે જુન ૨૦૧૦ થી માન્યતા આપવા એકેડેમીક કાઉન્સિલ ને ભલામણ કરવી.

**<u>એકેડેમિક કાઉન્સિલની તા.૮–૩–૨૦૧૦ ની ભલામણ નં. ૧૩૦</u>**

: : આથી ઠરાવવામાં આવે છે કે, અર્થશાસ્ત્ર વિષયમાં પીએચ.ડી.નાં માર્ગદર્શક શિક્ષકની માન્યતા આપવા અંગેની એસ.આર. ઈન્સ્ટીટયૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર એપ્લીકેશન, બારડોલીના આસિસ્ટન્ટ પ્રોફેસર ર્ડા. પ્રશાંત મહેશચંદ્ર જોષીની અરજી ગ્રાહય રાખવી તથા તે પરત્વે મા.કુલપતિશ્રી ધ્વારા નિમાયેલા બે નિર્ણાયકોનો અહેવાલ હકારાત્મક હોય તે સ્વીકારી ર્ડા. પ્રશાંત મહેશચંદ્ર જોષીને આર્ટસ ફેકલ્ટીનાં અર્થશાસ્ત્ર વિષયનાં પીએચ.ડી.નાં માર્ગદર્શક શિક્ષક તરીકે જૂન – ૨૦૧૦થી માન્યતા આપવાની ભલામણ સ્વીકારવી અને મંજૂરી આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા. ૮ – ૩ – ૨૦૧૦ ની ભલામણ નં. ૧૩૦ને યથાવત મંજૂર કરવી.**

૪૪. વીર નર્મદ શિક્ષા સંસ્થાન સંચાલિત યુનિવર્સિટી સંલગ્ન શ્રી સરસ્વતી શિક્ષણ મહાવિદ્યાલય, સુરતનું નવું નામ કરણ " શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી. એડ્. કોલેજ, એમ નવા નામની મંજૂરી આપવા અંગેની વિનંતી કરતા શ્રી મહાવીર વિદ્યા મંદિર ટ્રસ્ટ, સુરતના ટ્રસ્ટીશ્રીના તા. ૧૯–૦૩–૨૦૧૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

**(નોંધ :– (૧)** સિન્ડિકેટ, તા. ૨૯–૦૪–૨૦૦૮નાં ઠરાવ ક્રમાંકઃ (૧૦) અનુસાર, સદરહું સંસ્થાએ કોલેજનું નામ બદલવા માટે જરૂરી ફીની રકમ રૂા. ૨૫,૦૦૦/– નો ચેક યુનિવર્સિટી કાર્યાલયના હિસાબી વિભાગમાં જમા કરાવ્યો છે.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ શિક્ષા સંસ્થાન સંચાલિત યુનિવર્સિટી સંલગ્ન શ્રી સરસ્વતી શિક્ષણ મહાવિદ્યાલય, સુરતનું નવું નામ કરણ " શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી. એડ્. કોલેજ, કરવા મંજૂરી આપવી.**

૪૫. યુનિવર્સિટી સંલગ્ન વી.એસ. પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, બિલિમોરામાં એસ.વાય./ટી.વાય.બી.એ.ના વર્ગોનું શૈક્ષણિક વર્ષ ૨૦૧૦–૧૧,૨૦૧૧–૧૨,અને ૨૦૧૨–૧૩ સુધીનું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીનું અરજી પત્રક આપવા તથા સ્વીકારવાની વિનંતી ઉપર સિન્ડિકેટ, તા.૨૬–૧૧–૨૦૦૯ના રોજ મળેલ સભાના ઠરાવક્રમાંકઃ (૫૫) અન્વયે, વિચારણા કરી શૈક્ષણિક વર્ષ ૨૦૧૦–૨૦૧૧ પુરતી ખાસ કિસ્સામાં લેઈટ ફી સાથે જોડાણઅરજી સ્વીકારવાની વિનંતી ગ્રાહય રાખવામાં આવી હતી. તદ્દનુસાર જોડાણ અંગેની સત્વરે કાર્યવાહી કરવા યુનિવર્સિટી કાર્યાલયના તા.૧૯–૧૨–૨૦૦૯ના પત્રાંકઃએસ–એ (બિલિમોરા)(૦૯)/૧૩૨૪૨ તથા ૨૬–૦૩–૨૦૧૦ના પત્રાંકઃ એસ–એ (બિલિ.) (૧૦)/૨૮૧૦ થી જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ, પ્રસ્તુત કોલેજના આચાર્યશ્રીએ તેમના તા.૪–૪–૨૦૧૦ના પત્રાંકઃ૧૨/૨૦૧૦–૧૧ <u>થી અમારા પક્ષે જો કંઈ ક્ષતિ રહી ગઈ હોય એમ આપને લાગતું હોય તો તે દરગુજર કરી વિદ્યાર્થીઓના વિશાળ હિતને ધ્યાનમાં રાખીને ઉપરોકત બાબતે</u> ફેર વિચારણા કરી લેઈટ ફીમાંથી મુકિત આપવા કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન વી.એસ. પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, બિલિમોરાને રૂા. ૧૦,૦૦૦/– ટોકન ફી લઈ વિદ્યાર્થીના વિશાળ હિતમાં જોડાણ અરજી પત્રક આપવું અને સ્વીકારવું.**

૪૬. યુનિવર્સિટી કેમ્પસ ખાતે ચાલતા M.Sc.(I.T) & (I.C.T.) Programme ની Executive Committee ની મીટીંગ તા.૪-૪-૨૦૦૯ના ઠરાવ ક્રમાંક : ૩ અન્વયે યુનિવર્સિટી કેમ્પસ ખાતે J. P. Dawar Institute of Information Science and Technology ભવન ખાતે ચાલતા M.Sc.(I.T) & (I.C.T.) five years integrated self finance programme અને M.Sc.(Bio-Technology) five years integrated self finance programme માટે માનનીય કુલપતિશ્રીએ નીમેલ સમિતિના અહેવાલ પર વિચારણા કરવા એકેડેમિક કાઉન્સીલની તા.૮/૩/૨૦૧૦ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૦ થી નીચે મુજબ ઠરાવેલ છે.

:: ''આથી ઠરાવવામાં આવે છે કે, *M.Sc.(I.T & I.C.T.) Programme* ની *Executive Committee* ની મિટીંગ તા.૪/૪/૨૦૦૯ ના ઠરાવ ક્રમાંક : ૩ અન્વયે યુનિવર્સિટી ખાતેના *J.P.Dawer Institute of information Science and Technology* ને તથા *Five Years Integrated M.Sc.(Bio-Technology) Institute, College* કે *Department* ગણવો તે નકકી કરવા અંગે માનનીય કુલપતિશ્રીએ નીમેલ સમિતિનાં ભલામણનો સ્વીકાર કરવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, *M.Sc.(IT & ICT)* તથા *M.Sc.(Bio-Technology)* ના અભ્યાસક્રમોને વિકસાવવા માટે આ બંને ઇન્સ્ટીટયુટને સ્વતંત્ર ડિપાર્ટમેન્ટ તરીકેનો દરજ્જો આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે તથા આ બંને અભ્યાસક્રમોને સારી રીતે ચલાવવા માટે જરૂરી માળખાકીય સવલતો તથા સ્વતંત્ર શૈક્ષણિક-બિનશૈક્ષણિક સ્ટાફની જોગવાઇ કરી ઘટતું કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.''

ઉપરોક્ત ઠરાવ અનુસાર **M.Sc.(IT & ICT)** તથા **M.Sc.(Bio-Technology)** અભ્યાસક્રમોને ડિપાર્ટમેન્ટ તરીકે દરજ્જો આપવા સિન્ડિકેટને ભલામણ કરેલ હોવાથી સદર વિભાગો માટે સ્વતંત્ર શૈક્ષણિક-બિનશૈક્ષણિક સ્ટાફની જોગવાઇ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતને બાબત ક્રમાંક : ૩૧ સાથે વિચારણામાં લીધેલ હોઈ તે ઠરાવ મુજબ કાર્યવાહી કરવી.**

૪૭. તા. ૨૫ – ૩ – ૨૦૧૦ના રોજ મળેલી સેનેટની સભામાં સેનેટ સભ્યશ્રી હોશંગ મીરઝાએ પ્રશ્નોત્તરી બાદ સ્ટેચ્યુટ ૬૦ અન્વયે નીચે મુજબનો સભા મોકુફીનો પ્રસ્તાવ મૂકયો હતો.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીને સંલગ્ન સ્વનિર્ભર કોલેજોના સંદર્ભમાં ડીસ્ટીન્કટ કવેશ્ચન તરીકે નીચેની બાબત ઉપર ચર્ચા – વિચારણા કરી નિર્ણય લેવા માટે આ સભા ૪૫ મીનીટ માટે એડજોર્ન કરવા ( મોકૂફ કરવા ) સ્ટેચ્યુટ – ૬૦ અન્વયે તેઓશ્રીએ પ્રસ્તાવ મૂકયો હતો.

સદર પ્રસ્તાવ માનનીય અધ્યક્ષશ્રીએ સ્વીકારી મત ઉપર મૂકયો હતો અને તેને સર્વાનુમતે સ્વીકારી ૪૫ મીનીટ માટે સભા મોકૂફ કરવામાં આવી હતી. આથી નીચેના પ્રસ્તાવ ઉપર ચર્ચા વિચારણા શરૂ થઈ હતી.

" વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીને સંલગ્ન સ્વનિર્ભર કોલેજો પૈકીની ઘણી કોલેજોમાં નીચે મુજબની અનિયમિતતા અને ગેરરીતીઓ આચરવામાં આવી રહી છે.

૧. પૂર્ણ સમયના આચાર્ય નિમવામાં આવતા નથી.

૨. જરૂરીયાત અને નિયમ મુજબના શૈક્ષણિક અને બિન–શૈક્ષણિક કર્મચારીઓ નિમવામાં આવતા નથી.

૩. શૈક્ષણિક અને બિન–શૈક્ષણિક કર્મચારીઓને પૂરો પગાર ચૂકવવામાં આવતો નથી.

૪. વિદ્યાર્થીઓ પાસે યુનિવર્સિટીએ માન્ય કરેલી ફી સિવાય પણ ખોટી રીતે વધારાની ફી લેવામાં આવે છે.

૫. વિદ્યાર્થીઓને પૂરતી સવલતો અપાતી નથી.

૬. શૈક્ષણિક અને બિન–શૈક્ષણિક કર્મચારીઓની નોકરીની સલામતી માટેના યુનિવર્સિટીના ઓર્ડિનન્સીઝની જોગવાઈઓનો ભંગ કરવામાં આવે છે.

૭. સ્ટુડન્ટ કાઉન્સીલની પ્રવૃત્તિઓ યોગ્ય રીતે કરવામાં આવતી નથી તેમજ નિયમ પ્રમાણે હિસાબો ઓડિટ કરી પ્રસિઘ્ધ કરવામાં આવતા નથી.

૮. કેટલીક સેલ્ફ–ફાઈનાન્સ કોલેજોમાં ઈરાદાપૂર્વક પરીક્ષામાં ગેરરીતી કરાવવામાં આવે છે.

૯. સેલ્ફ–ફાઈનાન્સ કોલેજ વેચવામાં આવ્યાનું પણ ઘ્યાન પર આવ્યું છે.

૧૦. મોટાભાગની કોલેજોમાં વિદ્યાર્થીઓને સ્કોલરશીપ મળે તે માટે કોઈ જ પ્રયત્ન કરવામાં આવતો નથી. અને કોઈક કોલેજોમાં વિદ્યાર્થીઓની સ્કોલરશીપના નાણા સરકારમાંથી આવ્યા બાદ જે તે વિદ્યાર્થીને કોલેજે સમયસર આપ્યા નથી.

૧૧. સમયસર પર્યાપ્ત માત્રામાં માળખાકીય સુવિધા ઊભી કરવામાં આવતી નથી.

ઉપરોકત તમામ અને આનુસંગીક બાબતો અંગે આજની આ સભા ગંભીર ચિંતા વ્યકત કરે છે. અને તે તમામ બાબતોને ઘ્યાને લઈ જરૂરી કાનૂની જોગવાઈઓ કરવા તેમજ વહીવટી પગલા લેવા અને વિદ્યાર્થીઓ, શિક્ષકો, બિન–શૈક્ષણિક કર્મચારીઓનું શોષણ ન થાય અને સ્વનિર્ભર કોલેજોમાં શિક્ષણની યોગ્ય વ્યવસ્થા ઊભી થાય તે માટે તાકીદે જરૂરી પગલા લેવા આજની આ સભા સક્ષમ અધિકાર મંડળ સિન્ડિકેટને અનુરોધ કરે છે."

ઉપરોકત પ્રસ્તાવ ચર્ચા વિચારણાને અંતે માનનીય અઘ્યક્ષશ્રીએ મત ઉપર મૂકતા તેને સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

સદર પ્રસ્તાવ અંગે વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,**

**(૧) યુનિવર્સિટી ઓર્ડીનન્સની જોગવાઈઓ તમામ સેલ્ફ ફાઈનાન્સ સંસ્થા ઓને લાગુ પડે જ છે આથી તેનો ચુસ્તપણે / અમલ કરવો અને કરાવવો.**

**(૨) યુનિવર્સિટીની મંજૂરી વગર અધ્યાપકોને સીધા છૂટાં કરી શકાશે નહી.**

**(૩) સેલ્ફ ફાઈનાન્સ સંસ્થાના શૈક્ષણિક કર્મચારીઓએ ટ્રીબ્યુનલ એકટ મુજબ રાજીનામું સ્વયંમ જાતે રૂબરૂમાં કુલસચિવને આપવાનું રહેશે અને તો જ તે રાજીનામું કાયદેસરનું ગણાશે.**

**(૪) ૩૦મી એપ્રિલ સુધીમાં સેલ્ફ ફાઈનાન્સ કોલેજોએ શૈક્ષણિક/ બિન શૈક્ષણિ કર્મચારીની સેવાપોથી તૈયાર કરી તેની ખાતરી કુલસચિવને કરાવવી.**

**(૫) તા. ૨૪ – ૫ – ૨૦૧૦ સુધીમાં દરેક કર્મચારીના બેંક એકાઉન્ટ ખોલાવી તેની જાણ યુનિવર્સિટીને કરવી.**

**(૬) જે શૈક્ષણિક કર્મચારીની તેમની લાયકાત પૂર્ણ કરવા માટે શરતી નિમણૂંક કરવામાં આવી હોય તો પણ યુનિવર્સિટીની પૂર્વ મંજૂરી વગર તેને છૂટો કરી શકાશે નહીં.**

**(૭) શૈક્ષણિક વર્ષ પૂરૂ થાય એના ૧૫ દિવસમાં સ્ટુડન્ટ કાઉન્સિલના ઓડીટેડ એકાઉન્ટ અને ઓડીટીંગ બેલેન્સશીટ યુનિવર્સિટી કાર્યાલયને મોકલવાનાં રહેશે અને દરેક શૈક્ષણિક સંસ્થાઓએ સ્ટુડન્ટ કાઉન્સિલના હિસાબ અલગ રાખવા.**

**(૮) જે સેલ્ફ ફાઈનાન્સ સંસ્થા એફીડેવીટ તા.૧૫ – ૪ – ૨૦૧૦ સુધીમાં યુનિવર્સિટી કાર્યાલમાં જમા ન કરાવે તો તેમની જોડાણ માટેની અરજી દફતરે કરવી, એલ. આઈ. સી. રદ કરવી અને જો એલ. આઈ. સી. ગઈ હોય તો તેનો રીર્પોટ રદ ગણવો.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ સેનેટમાં રજુ થયેલા સભા મોકુફીના પ્રસ્તાવ ઉપર સેનેટ સભ્યોએ કરેલા સૂચનોની સર્વગ્રાહી નોંધ તૈયાર કરી આગામી સિન્ડિકેટ સભામાં મૂકવી.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, દરેક સેલ્ફ ફાઈનાન્સ કોર્ષ માટે વર્ગોની સંખ્યા, કયા કયા વિષયો શિખવાય છે તેના આધારે કેટલા શિક્ષકોની જરૂરીયાત છે તેને લગતા આનુસંગીક બાબતો તથા ધોરણો નકકી કરવા માટે એક કમીટી બનાવવી તેમાં તમામ ફેકલ્ટીનાં ડીનશ્રીઓ સભ્ય રહેશે જે પૈકી આ. ડૉ. વી. ડી. નાયક કન્વીનર રહેશે અને સદર સમિતિએ સર્વગ્રાહી રીપોર્ટ ૩૦ દિવસમાં તૈયાર કરી યુનિવર્સિટીમાં રજૂ કરવાનો રહેશે.**

૪૮. ગણિતશાસ્ત્ર વિભાગના પ્રોફેસર ડૉ. હરીશભાઈ ડોકટર પાસેથી વિભાગના એમ. એસસી. પાર્ટ – ૧ની આંતરીક પરીક્ષાની ૩૭ જેટલી ઉત્તરવહીઓ તેમની અંગત બેગમાંથી તથા તેમની કારમાંથી તેમના કબજા હેઠળ વિભાગીય વડા કે યુનિવર્સિટીની પૂર્વમંજૂરી વિના બારોબાર ખાનગી રીતે અનઅધિકૃતરીતે લઈ જવાતાં પકડાયેલ તે સબબ નિમાયેલ તપાસસમિતિનાં અહેવાલ પર વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ગણિતશાસ્ત્ર વિભાગના પ્રોફેસર ડૉ. હરીશભાઈ ડોકટર (હાલ ફરજ મોકુફ)ને તાત્કાલિક ફરજ મોકૂફી સાથે તહોમતનામું ફરમાવી કરવામાં આવેલ તપાસસમિતિનાં તા. ૨૧ – ૧ – ૨૦૧૦નો રીપોર્ટ બહુમતીથી સ્વીકારવામાં આવે છે અને આચરેલી ગંભીર ગેરવર્તણૂકનાં સંદર્ભમાં તેમણે મોટી સજા** (Major Punishment) **કેમ ન કરવી તેનો ખુલાસો મંગાવવો અને આ કારણદર્શક નોટીસ સાથે તપાસસમિતિનાં રીપોર્ટની નકલ મોકલવી.**

૪૯. નિર્મળ ગ્રામ પુરસ્કાર (NGP) પ્રોજેકટમાં ભ્રષ્ટ્રાચાર અંગે થયેલ ફરિયાદ સબબ નિમેલ સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, મહાત્માં ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગમાં ફરજ બજાવતાં શ્રી વિપુલભાઈ સોમાણી (હાલ ફરજ મોકુફ) સામે નિર્મળ ગ્રામ પુરસ્કાર** (NGP) **પ્રોજેકટ માંથી નાણાં ઉપાચતનાં સંદર્ભમાં સિનિયર સિન્ડિકેટ સભ્ય શ્રી હોશંગ મીરઝાએ માનનીય કુલધિપતિને કરેલી ફરિયાદનાં સંદર્ભમાં માનનીય કુલાધિપતિના આદેશઅનુસાર માનનીય કુલપતિશ્રીએ નિમેલી તપાસસમિતિનો અહેવાલ સ્વીકારવો અને તેના સંદર્ભમાં તેમની સામે તહોમતનામું ફરમાવી ખાતાકીય તપાસ નિમવી આ તપાસસમિતિનાં એડવોકેટ રઘુવંશી, એડવોકેટ શ્રી હેમંતભાઈ દેસાઈ, આ. ડૉ. યુ. ટી. દેસાઈને નિમવાનું ઠરાવવામાં આવે છે આ તપાસ દરમ્યાન ડૉ. વિપુલભાઈ સોમાણીની ફરજ મોકુફી ચાલુ રાખવી.**

૫૦. યુનિવર્સિટી ગણિતશાસ્ત્ર વિભાગમાં તા. ૧૮–૦૫–૦૨ ના રોજ રીડર તરીકે નિમણૂંક પામેલ ડૉ. પ્રજ્ઞેશ ગજ્જરે તા. ૧૬–૦૨–૨૦૦૫ ના રોજ યુ.કે. પ્રવાસે જવા માટે વિનંતી કરી હતી અને તેમને તે મંજૂરી આપવમાં આવી હતી. આ માટે તેમણે ૭૨ દિવસની રજા ભોગવી હતી. તા. ૨૦–૦૬–૨૦૦૩ ના રોજ યુનિવર્સિટી તરફથી તેમને નાવાંધા પ્રમાણપત્ર પણ આપવામાં આવ્યું હતું. તા. ૨૦–૦૯–૦૬ અને તા. ૧૩–૧૨–૦૬ ના રોજ તેમને યુનિવર્સિટી તરફથી ફરજ પર હાજર થવા જાણ કરવામાં આવી હતી.

જે મુજબ તા. ૩૧–૦૧–૦૭ ના રોજ તેઓ ફરજ પર હાજર થયા હતા અને તા. ૧૭–૦૭–૦૭ ના રોજ ફરી યુ.કે. ગયા હતા ત્યાર બાદ તા. ૦૫–૦૧–૨૦૦૮ ના રોજ ફરી યુનિવર્સિટી માં હાજર થવા કાર્યાલયે પત્ર લખ્યો હતો. તે સંદર્ભે તેમણે તા. ૦૧–૦૭–૨૦૦૫ ના રોજ એક Request Letter મોકલેલ અને તા. ૧૯–૦૨–૨૦૦૭ ના રોજ રાજીનામાનો મોકલેલ પત્ર અને તા. ૨૨–૦૨–૨૦૧૦ ના પત્રથી રાજીનામું પરત ખેંચવા તથા પ્રસ્તુત સમયગાળાની કપાત પગારની રજા **LWP** ગણી રાજીનામું પરત ખેચી ફરી ફરજ પર હાજર કરવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત..

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ગણિતશાસ્ત્ર વિભાગનાં રીડર તરીકે નિમણુંક પામેલા ડૉ. પ્રજ્ઞેશ ગજ્જરનું રાજીનામું સક્ષમ અધિકાર મંડળ સ્વીકાર કરે તે પહેલાં રાજીનામું પરત ખેંચી લેવાની તેમની તા. ૨૨ – ૦૨ – ૨૦૧૦ની વિનંતી ગાહ્ય રાખવામાં આવે છે અને તેઓ જેટલા સમય ગેરહાજર રહ્યા હોય તેને LWP (લીવ વિધાઉટ પે) ગણી આનુસંગીક લાભો સાથે ફરજ પર હાજર કરવા ઠરાવવામાં આવે છે.**

**અધ્યક્ષશ્રીની સંમતિથી નીચેની બાબતો રજૂ કરવામાં આવી હતી.**

૫૧. યુનિવર્સિટી રોજમદારો તેમજ યુનિવર્સિટીના સેલ્ફ ફાઈનાન્સ કોર્ષોમાં કામ કરતાં કર્મચારી તથા સેલ્ફ ફાઈનાન્સ કોલેજોમાં કામ કરતાં કર્મચારીનાં વેતન કે મહેનતાંણા નકકી કરવા માટે વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી રોજમદારો તેમજ યુનિવર્સિટીના સેલ્ફ ફાઈનાન્સ કોર્ષોમાં કામ કરતાં કર્મચારી તથા સેલ્ફ ફાઈનાન્સ કોલેજોમાં કામ કરતાં કર્મચારીનાં વેતન કે મહેનતાંણા નકકી કરવા માટે ખાસ સિન્ડિકેટની સભા બોલાવવી.**

૫૨. યુનિવર્સિટીનાં ભવનોમાં ચાલતાં સેલ્ફ ફાઈનાન્સ કોર્ષીષમાં જેમણી નિમણુંક પસંદગીના ધોરણે, યુ. જી.સી.નાં ધારા ધોરણ મુજબ અને નેટ, સ્લેટ, પી. એચ. ડી.ની શૈક્ષણિક લાયકાત ધરાવતાં હોય તેમણે છઠ્ઠા પગારપંચનો લાભ આપવા અંગે વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીનાં ભવનોમાં ચાલતાં DBIM/ M. Sc. IT/ M. Sc. Bio Tech./ MCA/ MSW/ M. H. R. D/ M. Sc.( Bio - Info)/ M. Sc. Chemistry/ Mathamatics/ Stastics સેલ્ફ ફાઈનાન્સ કોર્ષીષમાં જેમની નિમણુંક પસંદગી કાર્યવાહીના નિયમાનુસાર, યુ. જી.સી.નાં ધારા ધોરણ મુજબ અને નેટ, સ્લેટ, પી. એચ. ડી.ની શૈક્ષણિક લાયકાત ધરાવતાં હોય તેમને છઠ્ઠા પગારપંચનો લાભ આપવા માટે ઉભી થનાર નાણાંકીય જવાબદારીની વિગતો સાથે બાબત પુન : સિન્ડિકેટ સમક્ષ મૂકવી.**

૫૩. ડૉ. મહેન્દ્રસિંહ ડી. ચૌહાણ ડીનશ્રી તબીબી વિદ્યાશાખાના તા. ૬ –૪ – ૨૦૧૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તબીબી કોલેજોમાં કેન્દ્રીય પ્રવેશ સમિતિ દ્વારા પ્રવેશ મેળવી MBBS પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીઓ માટે જરૂરી ઈન્ટર્નશીપ ટ્રેઈનીંગ કરતા વિદ્યાર્થીઓને ફકત ગુજરાત રાજયની અન્ય સરકારી મેડીકલ કોલેજમાં જે તે સમયે ઈન્ટર્નશીપ ડોકટરની જરૂરીયાતને ધ્યાનમાં લઈ વધુમાં વધુ છ મહીના માટે જે તે મેડીકલ કોર્ષ સાથે ટર્મ દરમ્યાન એક જ વાર ટ્રાન્સફર આપવી તેમજ ઓલ ઈન્ડિયા પ્રવેશ પરીક્ષા દ્વારા પ્રવેશ મેળવી MBBS પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીઓને પણ જે તે રાજયની એમ. સી. આઈ. માન્યતા પ્રાપ્ત કોલેજ સાથે સંકળાયેલ હોસ્પિટલમાં ઈન્ટર્નશીપ માટે ટ્રાન્સફર આપવી.**

**વધુમાં આવી ટ્રાન્સફર આપવા ઘટતી કાર્યવાહી કરવા ડીન, મેડીકલ કોલેજને એમ. સી. આઈ. નિયમ મૂજબ સત્તા આપવામાં આવે છે.**

**(પરિશિષ્ટ : " છ ")**

**અધ્યક્ષશ્રીનો આભાર માની સભા બરખાસ્ત થઈ.**

યુનિવર્સિટી કાર્યાલય, સુરત. **કુલસચિવ**

ક્રમાંક : એસ – ૧ (૧)/ ૩૬૨૬ /૨૦૧૦.

તા. ૧૨ – ૪ – ૨૦૧૦.

પ્રતિ,

સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ……